૨૧૯૪. ''માણસને પાણી અને વાણી જ બઝાવે છે. પાણી અને વાણી બન્ને ચોક્ખાં હોવાં જોઈએ. બન્ને છીછરાં ન હોવાં જોઈએ, ઉંડાણ હોવું જોઈએ. પાણી અને વાણી ડહોળાય ત્યારે કારણ વગર ઢોળાય છે...''

- ❖ પોતે જ સાચા હોવાનું માનસિક વળગણ વ્યક્તિને સાદો શિષ્ટાચાર પણ ભૂલાવી દે.
- ❖ દરેક વિનાશને તળિયે ચોક્કસ 'અહમ્' જોવા મળશે.
- ❖ પ્રમાણિકતા રાખવી એ કોઈના ઉપર ઉપકાર નથી, પણ પોતાના હિતની એક શ્રેષ્ઠ વિચારધારા છે.
- ❖ આયોજન પૂર્વક ગોઠવીને સભાન અવસ્થામાં જૂઠું બોલવું એનું નામ ''કપટ!''
- ❖ કોઈ એક્ટર, કોઈ રાજકારણી તમારા શહેર-ગામ-એરિયામાં આવે તો તમે તેને જોવા માટે ભીડ લગાવો. જ્યારે ઉપાશ્રયમાં બિરાજમાન શ્રમણ-શ્રમણી ભગવંતોના દર્શન-વંદન માટે કેટલાક કહેવાતા જૈનો પાસે સમય નથી. આ ભારે દુ:ખનો વિષય છે.
- ❖ ગુરૂની હિંસાનો વિચાર નહિ કરનારા તમે ગુરૂની નિંદા મજેથી કરી શકો છો આ ભારે કરૂણતા છે.
- ❖ નવેસરથી ઘડાવવા માટે ક્યારેક ભાંગી પડવું પણ જરૂરી છે.
- ❖ જીવ તનનો માલિક નથી, તો ધનનો માલિક કેવી રીતે થઈ શકે ?
- ❖ કોઈ પણ ફરિયાદ વિના અને કોઈની ય નિંદા વિના એક દિવસ વિતાવી જુઓ; મનની શાંતિ ને સુખ શોધવાની અન્યત્ર જરૂર નહિં પડે !
- ❖ વર્તમાનમાં લોકોને સદ્જ્ઞાન અને શાંતિ સાથે સંબંધ રહ્યો નથી. જીવો વિવાદમાં જ પડેલા જણાય છે.
- ❖ ઝૂંટવીને ખાનારના ક્યારેય પેટ ભરાતા નથી. વહેંચીને ખાનાર ક્યારેય ભૂખ્યા રહેતા નથી.
- ❖ મોટા બનવું હોય તો મર્યાદામાં રહો... કારણ કે દરેક મોટી કંપની'ની પાછળ 'લિમિટેડ' લખેલું હોય છે.
- ❖ જે સાચું-સારૂં કહી શકે એ ક્યારેય લોકપ્રિય ન થઈ શકે !

# તો દુર્જનોની સોબત શા માટે કરવી ?

જેણે પોતાના નિંદનીય વ્યવહારોના કારણે
અનેક લોકો સાથે વિરોધ નોંતરી લીધો હોય,
તેવાનો સંબંધ રાખવો
તે પણ લોકવિરૂદ્ધ પ્રવૃત્તિ છે.
તેને કારણે ધર્મસાધના ડહોળાય છે.
જેમ ચોરની સાથે
સંબંધ રાખનાર વ્યક્તિ પણ ચોર જ કહેવાય.
દેવાળિયા સાથે બેસનાર પણ દેવાળિયો જ કહેવાય.
એવા સાથે બેસવાથી
સાધક જીવનને અત્યંત નુકશાન થાય.
એવા અયોગ્ય લોકો સાથે સંબંધ રાખવાથી
પોતાની છાપ ખરાબ પડે,
તે કારણે સારા લોકો તેની સાથે સંબંધ-સંગત ન રાખે
અને તેથી તેનામાં સારા ગુણો પણ ન આવે.
નદી અને નાળાના સંયોગમાં
ગુમાવવાનું નદીને જ છે.
નાળું કાંઈ પવિત્ર બનવાનું નથી.
આંબા અને લીમડાની સોબતે કડવાશ આવવાની છે
તે તો આંબામાં જ,
લીમડો કાંઈ મીઠો થવાનો નથી.
તો જેને પણ સજ્જન બની રહેવું હોય
તેણે દુર્જનોની સોબત શા માટે કરવી જોઈએ ?

## –: રત્નકણિકા :–

- ❑ પરિવાર **બેવફા** બની જાય. **પૈસો** ચાલ્યો જાય, પત્ની **ઉપડી** જાય, શરીર **કેન્સરાદિગ્રસ્ત** થાય ત્યારે માત્ર **ધર્મ** જ આધાર બને છે. – અને હા, **ધર્મ** આધાર જરૂર બને પણ એ ગળથૂથીવાળો ધર્મ સમજવો.
- ❑ આ દુનિયામાં બધું કિંમતી જ હોય છે, મેળવ્યા પહેલાં અને ગુમાવ્યા પછી.
- ❑ અહંકારથી ત્રણેય જશે... ધન વૈભવ અને વંશ! વિશ્વાસ નથી આવતા કાલિદાસ, યાદ કર : રાવણ કૌરવ અને કંસ!
- ❑ કાતરની ચોરી કરે, પછી કરે સોયનું દાન... ઉંચે ચઢી જોયા કરે, હજુ કેમ ન આવ્યું સ્વર્ગથી વિમાન ?
- ❑ વખાણ કરે ત્યારે નજર અને વાંક કાઢીએ ત્યારે અવાજ ઊંચો ન થાય તો સમજવું કે વ્યક્તિ ગુણવાન છે.
- ❑ શૂન્ય બનીને ય મૂલ્ય વધારી શકાય. માત્ર સ્થાનની ખબર હોવી જોઈએ. જે સાચું અને સારૂં કહી શકે એ ક્યારેય લોકપ્રિય ન બની શકે.

## પરિવારના વડીલ મોભી પ.પૂ.પિતાશ્રી મનહરભાઈ બગડીયાને દિવ્યાંજલી

।।ધર્મયશજયા ગુરૂદેવો નમઃ।।   ।।મહાવીરાય નમઃ।।   ।।નારાયણદેવીને નમઃ।।



માતુશ્રી વિજયાબેન રતિલાલ બગડીયાના સુપુત્ર મનહરભાઈનો તા.૨૧-૯-૩૮એ જન્મ થયો. તેમના જીવનની અમુક પળો અને વિચારીએ તો ૮૫ વર્ષમાં શું કર્યું? સિવિલ એન્જીનીયર બન્યા, બિલ્ડર બન્યા, સફળ થઈ ઉચ્ચ વિચાર, તીક્ષ્ણ બુદ્ધિને સારા સ્વાસ્થ્ય ધરાવતા તેનો ઉપયોગ જીવનના અંત સુધી કર્યો.

પૂ.પિતાશ્રી કુદરતપ્રેમી, સંગીત, ડ્રોઈંગ અને ક્રિકેટના ખુબજ શોખીન હતા. જેમણે પોતાની જીવનકથા પણ લખવાની શરૂઆત કરી હતી. તેઓ કહેતા, ''દરિયો જોવો તો દિલ મોટું બનશે, સુરજને નમો તેના જેવા ગતિશીલ બનશો, જેથી સહનશીલતા આવશે, સારી પરિસ્થિતિમાં, નસીબ વિકટ પરિસ્થિતિમાં પોતાને કેમ સંભાળવું તેની સમજણ રાખશો.''

આવી ઉચ્ચ કક્ષાની વાતો કરતા અને શિખામણ કરતા પૂ.પિતાશ્રીએ પહેલા પોતાના જીવનમાં આ વાતોને ઉતારી અમલમાં મૂકી દેખાડ્યું. દા.ત. કુટુંબ-ગામ અને સમાજને પોતાના માની સમર્પિત ભાવથી સેવા કરીને બને તેટલું ઋણ ચુકવી સફળ જીવન બનાવ્યું છે.

ધાર્મિક બાબતે અંધેરી ઈસ્ટના દેરાસર માટે જમીન આપવી, સાયન ઉપાશ્રયમાં નીચે હોલ બનાવી આપ્યો. પાલીતાણામાં મનહરભાઈએ ટ્રસ્ટી ઈન્ચાર્જ અને કન્વીનર રહી સેવા-સહકાર સાથે યાત્રિભવન ટેરેસમાં સંચાલકો માટે બ્લોક બનાવી સંઘને અર્પણ કર્યો.

ગિરિરાજ સોસાયટીના જિનાલયની મહિના પહેલા ધજા ચઢાવી, પાલીતાણાની જાત્રા કરાવી, ખાસ તો અરિહંતશરણ થયાના બે દિવસ પહેલા જ તેમણે **શ્રી જયશેખરસૂરીશ્વરજી મ.સા.**ને યાદ કર્યા પ્રત્યક્ષ વંદન કરી માંગલિક સાંભળ્યું. અંતિમ દિવસોમાં સાધુ ભગવંતને વંદન કરી તેમને અરિહંતનું શરણ મળે તેવા આશીર્વાદ મળ્યા. દરરોજ વાસક્ષેપ શાંતિપૂર્વક આ ભવના સર્વત્યાગી આવા પુણ્યશાળી આત્મા અમારા પૂ.પિતાશ્રીને અમારા કોટિ કોટિ વંદન...!! અંતમાં આપ અમારા દુઃખમાં સહભાગી બન્યા તે સર્વેના અને સંસ્થાઓના અમે આભારી છીએ. અમારા જીવનમાં આપનો સાથ મહત્વનો છે.

હે પ્રભુ...!!! તેમના સંસ્કારોની વર્ષા અમારા ઉપર સદાય વરસતી રહે.... તેમનો આત્મા મહાવિદેહ ક્ષેત્રે વિચરી શ્રી સીમંધર સ્વામીના ચરણોમાં બિરાજિત થશે એ અમારી પ્રાર્થના સ્વીકારશો.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ, શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ સાયન-માટુંગા-વડાલા-દાદર, શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - સાયન-માટુંગા-વડાલા-દાદર, શ્રી બોટાદ મહાજન પાંજરાપોળ, કુર્લા મેડીકલ વેલફેર સેન્ટર, ખંડાલા અમરહિલ બંગલો ફેડરેશન, બોટાદ આંખની હોસ્પિટલ અને ગિરિરાજ સોસાયટી અને વ્યક્તિગત સ્નેહી - સંબંધી, પ્રત્યક્ષ-પરોક્ષ અને સંસ્થાઓના પત્રોના અમે ઋણી છીએ. અને દરેકનો આ આઘાતમાં સહભાગી થવા બદલ અમે આભાર પ્રગટ કરીએ છીએ.....

### -: પ્રેમાળ સ્મૃતિમાં :-

પત્ની : શ્રીમતી જ્યોત્સનાબેન મનહરભાઈ બગડીયા

પુત્રીઓ : મીનલ સંઘવી અને મનીષા બગડીયા

પુત્ર : મનીષ એમ. બગડીયા   પુત્રવધૂ : કિંજલ એમ. બગડીયા

જમાઈ : હિતેન એસ. સંઘવી   પૌત્ર : યશ - રોહન - સિયોમી અને દિયાન

**તેમના આત્મશ્રેયાર્થે પરિવાર તરફથી સાધર્મિક ભક્તિ રૂા.૧૦૦૦/-, કેળવણી સહાય રૂા.૧૦૦૦/-, પત્રિકા ભેટ રૂા.૧૦૦૦/-, કુલ રૂા.૩૦૦૦/- શ્રીસંઘને ભેટ આપેલ છે.**

# શ્રીમતી સુશીલાબેન સેવંતીલાલ કપાસી

## સ્ત્રી સ્વાવલંબી સેવાના પથદર્શિકાને ભાવાંજલી...

જે કર ઝુલાવે પારણું,
તે જગ પર શાસન કરે,
પરપીડાથી જેનું દિલ દ્રવે,
તે દિલ જન હૈયે
આસન કરે...



જેની સેવાના માપ અમાપ,
જે તુલનાના ન મળે ત્રાજવાં કે
તોલા...
સ્વીકારજો સ્નેહે સુશીલાબેન
અર્પણ છે અક્ષરથાળ અણમોલ.

## સમાજ નારીરત્ન શ્રીમતી સુશીલાબેન સેવંતીલાલ કપાસી

સને ૧૯૩૮માં શ્રાવક શ્રેષ્ઠી શ્રી શાંતિલાલ અબજીભાઈનાં **''યથા નામ તથા ગુણ''** સમાન સહધર્મચારિણી કસ્તૂરીબેનની રત્નકુક્ષીએ આ માયાનગરી મુંબઈમાં જન્મ. ૧૨ વર્ષની લઘુવયે પૂ.પિતાશ્રીનું શિરછત્ર ગુમાવ્યા છતાં ખડગ સમ અડગ રહીને માતુશ્રીએ એવા સંસ્કારનું સંસ્કરણ કર્યું અને કોઈપણ અસહાય જનોની સહાય અને નિરાધારના આધાર બની નિજી સુખની સુખડીમાં તેને સહભાગી બનાવવાના સેવાના બીજનું નિરૂપણ કર્યું.

સને ૧૯૫૯માં આપની ૨૧ વર્ષની વયે જૈન સમાજના પ્રતિષ્ઠીત અને પ્રતિભાસંપન્ન કુટુંબના સુપુત્ર શ્રી સેવંતીલાલ કપાસી સાથે આપશ્રીએ પ્રભુતામાં પદાર્પણ કર્યું. જાણે સોનામાં સુગંધ ભળી. આપના પૂ.સાસુજી કમળાબા પણ પ્રખર તપસ્વી અને પ્રથમથી જ **''જમણો કરે દાન, ડાબો રહે અજાણ''** એવા ગુપ્તદાની હતા. સંસારમાં જળકમલવત્ રહીને સાધ્વીજીવન ગાળતાં હતા. આમ **''તેમને દોડવું હતું ને ઢાળ મળ્યો.''** આપના બાલ્યાવસ્થામાં થયેલા બીજરોપણને નવાં અંકુર ફૂટ્યાં અને સેવાયજ્ઞના કર્યા શ્રી ગણેશ.

સને ૧૯૬૦ થી ૧૯૮૯ દરમિયાન સાંસારિક કાર્યોમાં, વડિલજનોની સેવા, સાધુ-ભગવંતો તથા સાધ્વીજીઓની વૈયાવચ્ચ, જિનદર્શન, પૂજા અને નિજી સંતાનોના ઉછેરમાં, શિક્ષણમાં સુપેરે વ્યતિત થતાં રહ્યાં. ત્યારપછી સાંસારિક પ્રવૃત્તિઓમાંથી ક્રમાનુક્રમે મુક્ત થતાં રહ્યાં અને આપના અંતરની અટારીએ સમાજના ત્રસ્તજનો માટે સેવાના સ્વપ્નો આસપાસ ખેલવા લાગ્યાં ત્યારે તમે સમાજના ૨૦૦ જરૂરીયાતમંદ કુટુંબોને

અનાજ, ઘી-તેલ અને અન્ય ખાદ્ય સામગ્રી પ્રતિમાસ આપવાનો શુભારંભ કર્યો હતો, તો પણ અંતરના અગોચર ખૂણામાં કાંઈક અલગ સેવા - અભિયાન કરવાનો વિચાર મનની ખરલમાં ઘૂંટાય રહ્યો હતો.

સમાજની જે બહેનોને સહાય કરતાં હતાં. તેમને સ્વાવલંબી બનાવીને સ્વમાનભર્યું જીવન બક્ષીને, તેમની જિંદગીભરની ભીડ ભાંગવાનો આપશ્રીએ ક્રાંતિકારી નિર્ણય લીધો અને આપના દેરાણી નીતિનાબેનના સથવારે તથા કાર્યઈચ્છુક બહેનોની સંમતિ પ્રાપ્ત કરી. શ્રીમતી સરયુબેન પ્રવિણભાઈ કોઠારી અને અન્ય બહેનોના સહયોગથી નાલાસોપારા શ્રી આદિશ્વર દાદાના પ્રાંગણમાં સત્ કાર્ય પ્રવૃત્તિનું બીજારોપણ કર્યું. જે સાથે સંસ્થાની માલિકીના ૪૨૦૦ સ્કે. ફૂટના ભવ્ય પ્રાંગણમાં, ૩૫૦૦ સ્કે. ફૂટના કોમ્યુનીટી હોલ સાથે **'ઉદ્યોગગૃહ'** રૂપે વટવૃક્ષ બનીને પ્રેમની પણ કલિકાઓ, વાત્સલ્યની વડવાઈઓ અને સ્વાશ્રયના શ્રેયફળોની **'રસલ્હાણ'** કરતું અનેક પરિવારોનું પ્રોત્સાહિત સ્વાશ્રયસ્થાન બની સમાજને એક નૂતન દિશાનો શુભસંદેશ આપતું લહેરાઈ રહ્યું છે. ત્યારે આપના મુખેથી સરી પડે છે શ્રેયના શબ્દો...

આ સંસ્થામાં સત્ કાર્ય, સત્ કર્મ અને સત્ ક્રિયાનો ત્રિવેણી સંગમ રચાય છે, જ્યાં સેવાને સમર્પણનું સુભગ મિલન થાય છે. કોઈ આંસુ સારનાર આવે છે, તો આંસુ લૂછનાર પણ આવે છે, સંસ્થાને ઉત્સાહ આપનાર પ્રોત્સાહિત થઈને જાય છે. આમ સમાજની બહેનોને રહેવા આશ્રય સાથે જીવન સ્વાશ્રય, તેમના બાળકોને શિક્ષણ, સમયાંતરે પ્રવાસ, મનોરંજિત કાર્યક્રમો, ભેટ-સૌગાદ થકી તે પરિવારોને આનંદોલ્લાસ સાથે **'ગમતાને કરીએ ગુલાલ'** રંગોલ્લાસથી છલકાતું જીવન આપી આપ આત્મોલ્લાસ અનુભવતા હતા.

તેમની રગોમાં સેવા પરાયણ, જૈન સમાજની બહેનો - પરિવારોના વિકાસ, ઉત્કર્ષ અને પ્રગતીમાં અનન્ય યોગદાન છે. પ્રતિભાશાળી સન્નારીને શ્રી સંઘ દ્વારા તા.૧૦-૧૨-૨૦૦૬ના દિવસે **'સમાજ નારીરત્ન'** ઉચ્ચતમ પદ પ્રદાન કરેલ.


સમગ્ર જીવન દરમ્યાન ફક્ત સેવા સમર્પિત રહ્યા. શ્રી સંઘ અને સમાજ ને ન પૂરાય તેવી ખોટ પડી છે. સમાજ નારીરત્ન શ્રીમતી સુશીલાબેન સેવંતીભાઈ કપાસીની ચિરવિદાયના સમાચાર પ્રસરી જતાં શોક અને ગમગીનીનું વાતાવરણ ફેલાઈ ગયુ. સમગ્ર સમાજ માટે આકરી અસહ્ય વિદાય બની રહી છે. આજ વાસ્તવિકતાની મૂર્તિમાંથી તસ્વીર બની ગઈ છે. ત્યારે આપણે સૌ તેમના ગુણોને યાદ કરીએ. **'જગત જનની'** કહેવાય કે નહિં તેની ખબર નથી. પરંતુ જૈન સમાજ માટે તો તે સદાય **'વહાલી માતા'** જ હતા.

આ પરોપકારી - સેવાપરાયણ શ્રીમતી સુશીલાબેન કપાસીના જવાથી પરિવાર પર આવી પડેલ દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે. તેમનો પવિત્ર પાવનકારી આત્મા મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી મોક્ષ પ્રાપ્ત કરે એજ અંતઃકરણ પૂર્વકની પ્રાર્થના...



**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈ**
**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.ફાઉન્ડેશન**
**ઝાલાવાડ બીઝનેસ ફોરમ**
**ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ**
**હોદ્દેદાર, ટ્રસ્ટીશ્રી, કારોબારી સમિતીના જય જિનેન્દ્ર....**





# જયકાંતભાઈ ચીમનલાલ શાહ (ઘડિયાળી)

**જન્મ : તા.૦૭-૦૨-૧૯૪૦ મૃત્યુ : તા.૬-૦૮-૨૦૨૪**


તમારા આશિષથી અમે સફળ બન્યા, તમારી શક્તિથી અમે સક્ષમ બન્યા, તમારા પ્રતિબોધથી અમે ગુણ સંપન્ન બન્યા, તેવા અમારા માર્ગદર્શક અને પ્રેરણારૂપ વડીલ જેમના વિચારમાં દાન -ધર્મ અને નીતિ વસેલી હતી તેવા 'મુઠ્ઠી ઊંચેરા માનવી' ને શત શત પ્રણામ...

**માતુશ્રી શકરીબેન ચીમનલાલ શાહ (ઘડિયાળી) પરિવાર**

રેખાબેન ના પતિ, સંજય તથા સપના બેન ના પિતા, રૂપલ તથા મેહુલકુમાર ના સસરા, સ્વ. સુમંતભાઈ, સ્વ. રમણીકભાઇ, સ્વ. પ્રવીણભાઈ, પ્રતાપભાઈ, રમેશભાઈ, સ્વ. ઇન્દુબેન ના ભાઈ, સ્વ. જમનાદાસ ઉજમસી ના જમાઈ રંજનબેન ચંદ્રકાન્તભાઈ કોઠારી ના વેવાઇ, વિરાલી હર્ષિતકુમાર, રિધ્ધિ મૌલીક, હેતસ્વી ઋષભકુમાર, આયુષીના દાદાના આત્મશ્રેયાર્થે...

## જયકાન્તભાઈ પરિવાર તરફથી થયેલ સુકૃતોની યાદી અનુમોદનાર્થે

❖ ગોવાલીયા ટેન્કમાં ૧૫ વર્ષ સુધી દરરોજ ગરીબોને સવારે ખીચડી વિતરણ તેમજ અનુકંપા દાનનું કાર્ય સંભાળતા. ❖ દર શનિવારે લગભગ ૧૫૦ ગરીબ પરિવારને દવા અપાવતા. ❖ લીંબડી પાંજરાપોળમાં ટ્રસ્ટી તરીકેની સેવા. ❖ શકરીબેન ચીમનલાલ ઘડીયાળી ટ્રસ્ટ દ્વારા જરૂરીયાતમંદોને મદદ. ❖ ૨૦૦ થી વધુ કબુતરના ચબુતરા ગામે-ગામે કરાવ્યા. ❖ સમગ્ર પરિવારને સુકૃત કાર્યો માટે ૫% શરૂઆત કરવાની પ્રેરણા. ❖ પન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ના વ્યાખ્યાન થી જીવન પરિવર્તન. ❖ ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે ૫૦૦થી વધુ પરિવારજનોને શ્રી નાગેશ્વર તીર્થની જાત્રા કરાવી. ❖ કાંદીવલી આશાનગરમાં ઉપાશ્રયના મુખ્ય લાભાર્થી તરીકે લાભ લીધો. ❖ લીંબડીમાં શ્રી બાહુજિનસ્વામીની પ્રતીષ્ઠા, ઉપાશ્રયમાં લાભ લીધા. ❖ શાહપુરમાં શ્રી શાંતીનાથ દાદાના જિનાલયનો સંપૂર્ણ લાભ. ❖ બરવાળા પાસે રોજીદ વિહારધામ વહાણ જિનાલય નો સંપૂર્ણ લાભ. ❖ પાલીતાણા ૨૦૨માં જંબુદીપમાં ૪૫૦થી વધુ આરાધકોને ઉપધાન. ❖ ગોવાલીયા ટેંક દેરાસરમાં ત્રણ પટ્ટ ત્થા મેડીકલ સેન્ટરમાં બે વિભાગમાં લાભ. ❖ શ્રી સુધર્મા સ્વામીની પ્રતીષ્ઠાનો લાભ. ❖ શ્રી આદીનાથ જિનાલય વાલકેશ્વરમાં ચાંદીના શ્રી શાંતીનાથ દાદા, શ્રી નાકોડાજી ત્થા સાધર્મિક ભક્તિ માટેનો કાયમી લાભ. ❖ ૨૦૧૯માં પાલીતાણા ખાતે ૯૯ (નવાણુ) યાત્રાનો લાભ તેમજ છ'રી પાલિત ૩ દિવસ સંઘ. ૪૫૦થી વધુ આરાધકોનો લાભ ❖ તારાપુર વિહારધામનો સંપૂર્ણ લાભ. ❖ પાલીતાણા ખાતે વર્ષ ૨૦૨૫ માં સંપૂર્ણ ચોમાસુ ત્થા ઉપધાન તપનો લાભ.


|| શ્રી સિદ્ધાચલ મંડણ ઋષભદેવાય નમઃ || || શ્રી આનંદ-માણિક્ય-ચન્દ્ર-ધર્મ-અભય-અશોકસાગર સદ્ગુરુભ્યો નમઃ ||
ધન-ધન દહાડો રે... ધન વેળા ઘડી રે...
ધરીએ હૃદય મોઝાર...
ગિરિરાજની ગોદમાં
આવો સપરિવાર
શ્રી શત્રુંજય સ્વરૂપ સુવાસ
ચાતુર્માસ
વિ.સં. 2081 ઈ.સ. 2025
શાશ્વત-સ્વરૂપ સિદ્ધિ નો પ્રયાસ
2025 ના જાજરમાન ચોમાસા માં લાભલેવા પધારો
ઉપધાન તપની ભવ્ય આરાધના પણ થશે
નિશ્રા
જિનશાસન રત્ન, બંધુ બેલડી
પૂ.આ. શ્રી જિન-હેમચન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.
આદિ વિશાલ શ્રમણ-શ્રમણી વૃંદ
ચાતુર્માસ લાભાર્થી
માતુશ્રી રેખાબેન જયકાંત ભાઈ ઘડિયાળી
શ્રીમતી રૂપલબેન સંજય ભાઈ ઘડિયાળી
રીધ્ધી મૌલિકભાઈ તથા વિરાલી હર્ષિતકુમાર
પરિવાર (લીંબડી-હાલ. મુંબઈ)
આરાધકો ને પ્રવેશ પત્ર માટે નજીકના સમયમાં માહિતી મળશે.
8976723125
AYODHYAPURAM
9424898657 www.bandhubeldi.com Ayodhyapuram Tirth

## પ્રથમ પૂણ્યતિથી
### ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



॥ જન્મ ॥
તા. ૩૦-૪-૧૯૫૨

॥ અરિહંત શરણ ॥
સં. ૨૦૭૯, ભાદરવા સુદ ૪,
મંગળવાર, તા. ૧૯-૯-૨૦૨૩

## સ્વ. લલિતભાઈ ચીમનલાલ શાહ
(ગામ - દેવચરાડી, હાલ - બોરીવલી)

લાગણીના વહેતા, જ્યાં ઝરણા હતાં, આજે ત્યાં ફક્ત એના લિસોટા રહી ગયા છે.
ફૂલ સમાન હૃદય પર જ્યાં પડતા પ્રેમની ઝાકળના ટીંપા હતા, આજે તો ત્યા ફક્ત એના ડાઘ જ રહી ગયા છે.
અમે જેને સમજતા એક અતૂટ સંબંધ હતા, એ તો ફક્ત એક યાદ બનીને રહી ગયા છે....
પરમાત્મા આપના આત્માને સદ્‌ગતિ આપે એવી અમારી પ્રાર્થના.

### શોકાતુર પરિવાર

માતા-પિતા : સ્વ. કંચનબેન - સ્વ. ચીમનલાલ શાહ
ધર્મપત્ની : દીનાબેન લલિતભાઈ શાહ

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : | હેમલ - અમી |
| પુત્રી-જમાઈ | : | ડૉ. પિનલ - નિરવકુમાર |
| ભાઈ-ભાભી | : | નરેશભાઈ - જયશ્રીબેન |
| | | હિતેશભાઈ - દક્ષાબેન |
| બહેન-બનેવી | : | સ્વ. રસીલાબેન - અનિલકુમાર |
| | | કિરણબેન - દિપકકુમાર |
| દોહીત્ર | : | નિખિલ નિરવ શાહ |

**સ્વ. કંચનબેન ચીમનલાલ શાહ પરિવાર**

સાધર્મિક ખાતે - રૂા. ૨૫૧ ● કેળવણી ખાતે - રૂા. ૨૫૧ ● તબિબી ખાતે - રૂા. ૨૫૧

**કુટુંબ ભાવનાની પ્રખર પ્રેમી - વાત્સલ્ય મૂર્તિ - સચોટ માર્ગદર્શક - પરમાર્થ જેની ભક્તિ હતી.**
**નમસ્કાર મહામંત્રનું રટણ એનો વિશ્વાસ હતો એવા પુણ્ય આત્માને**

# ✷ પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ ✷



**જન્મ**
**તા. ૧૪-૦૬-૧૯૪૩**

**અરિહંતશરણ**
**તા. ૦૬-૦૯-૨૦૨૩**

## સ્વ. અ.સૌ. સુશીલાબેન પ્રબોધભાઈ શાહ (મુળી - ઘાટકોપર)

**નમસ્કાર મહામંત્રના આરાધક એવા આપની માટે શું કહેવું ?**
**આપનું જીવન જ અમારા માટે પ્રેરણાદાયક છે એજ સંદેશ છે.**

**આપનો પવિત્ર આત્મા જ્યાં પણ હોય ત્યાં સર્વે કર્મોનો નાશ કરી શાશ્વત શાંતિને પામે.**
**જિન શાસનનું શરણ મળે અને મોક્ષગામી બને એજ પ્રભુ પાસે મંગળ પ્રાર્થના...**

**શ્રદ્ધાંજલિના પુષ્પો અર્પણ કરતા**

## પ્રબોધભાઈ હરિલાલ શાહ પરિવારના શત્ શત્ વંદના...

**ॐ શાંતિ... ॐ શાંતિ... ॐ શાંતિ...**

**શ્રી સંઘને ભેટ**
રૂા. ૧,૦૦૧/- સાધર્મિક ભક્તિ
રૂા. ૧,૦૦૧/- તબિબિ સહાય
રૂા. ૫૦૧/- જીવદયા ફંડમાં

## BIO-DATA



### MAYANK KAILASHCHANDRA SHAH

| | |
|---|---|
| **Father's Name** | : Kailashchandra Babulal Shah |
| **Mother's Name** | : Anupama Kailashchandra Shah |
| **Cast** | : Ghoghari Visha Shree Mali Jain |
| **Native Place** | : Palitana, Bhavnagar |
| **Date of Birth** | : 10th February, 1982 |
| **Time & Place of Birth** | : 8.15 p.m. at Goregaon, Mumbai |
| **Height** | : 5.11 " |
| **Education** | : HSC (N L College), Jewellery Management |
| **Occupation** | : Vivanta Jewels / Anupama Jewels (Proprietor) |
| **Brother** | : Shrenik Kailashchandra Shah (Married to Jigna Shah daughter of Praful Shah) |
| **Sister** | : Payal Miteshkumar Shah - Dahisar |
| **Mosal** | : Late Mr. Nanalal Shivlal Sheth – Chotila at present Goregaon |
| **Permanent Address** | : 602, Anupam, Shrinagar Society, Plot No. 58, M. G. Road, Goregaon (West), Mumbai – 400 104. |
| **Contact No.** | : +91-9029994448, +91-9619191367 |
| **Email ID** | : mks10282@gmail.com |
| **Status** | : Widower |

## શ્રધ્ધા સુમન



### સ્વ.અલકાબેન સતિષભાઈ પારેખ (ઉ.વ.૭૦)

જન્મ: ૨૭-૨-૧૯૫૪ ❖ અરિહંત શરણ : ૨૨-૮-૨૦૨૪

પરિવાર જેનું મંદિર હતું,
સ્નેહ જેની શક્તિ હતી.
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થન જેની ભક્તિ હતી,
ધર્મ કદી ભૂલ્યા નહીં,
વ્યવહાર કદી ચૂક્યા નહી,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા,
એવા દિવ્ય આત્માને
પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના....

વિશાશ્રીમાળી ઝાલાવાડી પાટડી નિવાસી હાલ મુંબઈ (અંધેરી) સતિષભાઈ કેશવલાલ પારેખના ધર્મપત્ની અલકાબેન (ઉંમર વર્ષ ૭૦) તે જયશ્રી બિપીન પારેખ, શોભા ભરત પારેખ, જ્યોતિ વિજય પારેખ ના ભાભી , વૈશાલી, પીનાલી, ફાલ્ગુની, મયંક ના માતુશ્રી, પરીમલભાઇ, હેમલભાઈ, વૃદ્ધિબેન ના સાસુ, ખુશી ના દાદી, હેત પ્રીત ના નાની, આશાબેન, અનીલભાઇ, અજીતભાઈ, અતુલભાઈ રમણલાલ શાહના બેનનું તારીખ ૨૨.૮.૨૪ ના ગુરુવાર ના રોજ અરિહંત શરણ થયેલ છે.

શ્રીમતી અલકાબેનના આત્મશ્રેયાર્થે સાધર્મિક ભક્તિમાં રૂા.૧૦૦૦/-, કેળવણી સહાય રૂા.૧૦૦૦/-, પત્રિકા ભેટ રૂા.૧૦૦૦/-, તપસ્વી બહુમાન ભેટ રૂા.૧૦૦૦/-, સમૂહ લગ્ન ભેટ રૂા.૧૦૦૦/- કુલ રૂા.૫૦૦૦/- શ્રીસંઘને ભેટ આપેલ છે.

# સોહિનીબેન ગુણવંતલાલ ફાઉન્ડેશન

જરૂરિયાતમંદો માટે

## મોતિયાનું ઓપરેશન વિનામૂલ્યે

અદ્યતન ટેક્નોલોજી

આંખોની બેસ્ટ કાળજી

એડવાન્સ્ડ સારવાર

વિશ્વસ્તરની સુવિધા

**વિનામૂલ્યે -** ભારતીય ફોલ્ડેબલ લેંસ સાથે ફેકો સર્જરી

**૫૦ ટકાના દરે -** જરૂરી હોય તો ડૉક્ટરની સલાહ અને રેટિના ચેકઅપ

**રાહતદરે -** જરૂરિયાત મુજબ ઓપરેશન પહેલાનાં બધા ટેસ્ટ



For more details, please contact:

Samarth House, 168, Bangur Nagar, Off Link Road, Near Ayappa Temple, Goregaon (W), Mumbai - 400090

**Contact No.:** 9820087289 | 9324143619 **Email:** rajiv.shah@samarthlife.com

# House of Roma

Mumbai's Best Lab Grown Diamond Jewellery



Lab Grown Diamond Destination



Made in India

## You can now buy *Diamonds* without breaking your bank!!!



## @10%



**Lab Grown Diamonds are only 10% cost of Mined Diamonds!**





Value for Money

***Book your jewellery to get Making Charges Flat *Rs. 1000*/- for any designs**

To know more:

Instagram: **_houseofroma**

Website: **www.houseofroma.com**

M: **+91-8169658345**

ZBF

**ZALAWAD BUSINESS FORUM (ZBF)**

*presents*

# TALAASH-3

JUNE - AUG '24 ZALAWAD'S GOT TALENT

*Sponsored by*

MANBA FINANCE



'તલાશ-શ્રી' કન્વીનર ટીમ શ્રી મનોજભાઈ (મુલુંડ), સેક્રેટરી શ્રી રાહુલભાઈ, શ્રી ચેતનભાઈ (કાંદિવલી), ચેરમેન શ્રી રાજીવભાઈ, શ્રી મનોજભાઈ (સાયન), શ્રી પ્રતિકભાઈ (ભાયંદર), શ્રી મેહુલભાઈ (માટુંગા)



હમ સાથ સાથ હૈ... મજબુત સંગઠન...'તલાશ-શ્રી' ની સફળતાનાં રથનાં સારથીઓ...કન્વીનર્સ - કોર્ડીનેટર્સ ટીમવર્ક



આપણા સમાજની મહિલાઓને સ્વાવલંબન બનાવવા Women Empowerment Program (ZBF WEP) માટેનાં ફોર્મનું મહાનુભાવોને હસ્તે ઓપનીંગ



'તલાશ-શ્રી'.... સાયન લાયન્સનાં ઓનર્સ રાજેશભાઈ ગાંધીનું ઉમદા બહુમાન કરતા શ્રી દિલીપભાઈ શાહ - શ્રી રાજીવભાઈ શાહ



'તલાશ-શ્રી'.... ઈસ્ટર્ન આઈકોનનાં ઓનર્સ રાજુભાઈ ગાંધીનું ઉમદા બહુમાન કરતા સંઘનાં પ્રમુખશ્રી દિલીપભાઈ કે. શાહ



'તલાશ-શ્રી'.... વેસ્ટર્ન વોરીયર્સનાં ઓનર્સ પરાગભાઈ સંઘવીનું ઉમદા બહુમાન કરતા ઝેડ.બી.એફ.નાં ચેરમેનશ્રી રાજીવભાઈ શાહ



બોરીવલી બાદશાહનાં ઓનર્સ શૈલેષભાઈ કટુડાવાળાનાં સ્નેહિ પ્રફુલભાઈ અને અનીલભાઈનું ઉમદા બહુમાન કરતા શ્રી દિલીપભાઈ અને શ્રી રાજીવભાઈ



'તલાશ-શ્રી'.... કાંદિવલી રાઈડર્સનાં ઓનર્સ વ્યોમાબેનનું ઉમદા બહુમાન કરતા સંઘનાં પ્રમુખશ્રી દિલીપભાઈ કે. શાહ



'તલાશ-શ્રી'.... મલાડ ગોરેગાંવ ચેલેન્જર્સનાં ઓનર્સ મહેન્દ્રભાઈ તથા હરનીશભાઈનું બહુમાન કરતા શ્રી દિલીપભાઈ કે. શાહ



'તલાશ-શ્રી'નાં મેઈન સ્પોન્સર્સ શ્રી મનીષભાઈ શાહ (માનબા ફાયનાન્સ) નું બહુમાન કરતા શ્રી દિલીપભાઈ શાહ, શ્રી રાજીવભાઈ શાહ અને ઝેડ.બી.એફ. ટીમ



ઝેડ.બી.એફ. ટીમ 'તલાશ-શ્રી'....૧૫ ઓગષ્ટ સ્વતંત્રતા દિવસ... ધ્વજ વંદન...રાષ્ટ્રગીત...રાષ્ટ્ર સન્માન



'તલાશ-શ્રી' હોલમાં ઉપસ્થિત શ્રોતાજનો ૧૫ ઓગષ્ટ સ્વતંત્રતા દિવસ...ધ્વજ વંદન...રાષ્ટ્રગીત...રાષ્ટ્ર સન્માન



૧૫ મી ઓગષ્ટ સ્વતંત્રતા દિવસ... 'તલાશ-શ્રી' સ્ટેજ શો દેશ ભક્તિનો ઉમંગ...દેશ ભક્તિનાં ગીતો ગાતા પાર્ટીસીપેટો



'તલાશ-શ્રી'.... ઘાટકોપર જાયન્ટસનાં ઓનર્સ મિતુલભાઈ શાહનું ઉમદા બહુમાન કરતા ઝેડ.બી.એફ.નાં ચેરમેનશ્રી રાજીવભાઈ શાહ



'તલાશ-શ્રી'.... ટીકીટ સ્પોન્સર્સ દિપેનભાઈ શાહનું ઉમદા બહુમાન કરતા ઝેડ.બી.એફ.નાં ચેરમેન શ્રી રાજીવભાઈ શાહ



'તલાશ-શ્રી'.... ટ્રોફી સ્પોન્સર્સ કિરણભાઈ શાહનું ઉમદા બહુમાન કરતા શ્રી રાજીવભાઈ શાહ - શ્રી દિલીપભાઈ શાહ



'તલાશ-શ્રી'.... સર્ટીફીકેટસ એન્ડ કોન્સોલેશન પ્રાઈઝનાં સ્પોન્સર્સ મોનીબેન શાહનું બહુમાન કરતા ઝેડ.બી.એફ. ચેરમેન શ્રી રાજીવભાઈ શાહ



'તલાશ-શ્રી'.... સર્ટીફીકેટસ એન્ડ કોન્સોલેશન પ્રાઈઝનાં સ્પોન્સર્સ પિયુષભાઈ શાહનું બહુમાન કરતા શ્રી દિલીપભાઈ શાહ



'તલાશ-શ્રી'.... માનબા કપ વિજેતા ટીમ સાયન લાયન્સ



'તલાશ-શ્રી' નાં સમગ્ર કાર્યક્રમને સફળતા પૂર્વક તૈયાર કરનારા શિલ્પીઓ....ઝેડ.બી.એફ. 'તલાશ-શ્રી' ની મજબુત સ્ટાર ટીમ

ZBF
ZALAWAD BUSINESS FORUM

Presenting For The 1st Time Ever

# GARBA AND DANDIA RAAS



## Sharad Utsav 2024

19th October, 2024
Saturday

6:00 pm - 11:00 pm
with Dinner

**Jasmine Banquet Hall**
4th Floor, Raghuleela Mall, Poisar
Kandivali West, Mumbai 400 067.

**Entry Pass ₹200/-**

Come together to Play on tunes of famous versatile Singer

**SUNIL SONI & LIVE ORCHESTRA**



**CONTACT OUR CONVENOR FOR PASSES & MORE INFORMATION:**

Anil Tolia: 93222 53545
Manoj Shah: 99309 19199
Chetan Shah: 98214 04031
Kunal Kamdar: 98210 61190
Jignesh Shah: 98213 14076

**GOLDEN PILLARS**


| RAJIV SHAH | KIRAN SHAH | RAHUL SANGHVI | HARNISH SHAH | MANOJ SHAH |
|---|---|---|---|---|
| Samarth Lifesciences | Tip Top Impex | Manav Gems | Samyak Gyan Foundation | Rainbow Events |

## એક મંચ, એક પ્લેટફોર્મ અને સમાજની ઉભરતી કલા પ્રતિભાઓને મળતી ઉત્કૃષ્ટ તક


# ઝાલાવાડ બિઝનેસ ફોરમ આયોજીત ''તલાશ – થ્રી''

ઝાલાવાડ બિઝનેસ ફોરમે (ZBF) તેની સ્થાપનાથી લઈને અત્યાર સુધીમાં **પ્રથમ ચેરમેન શ્રી ચેતનભાઈ વોરા** અને **વર્તમાન ચેરમેન શ્રી રાજીવભાઈ શાહ**ની ચેરમેનશીપમાં અનેક વૈવિધ્યસભર કાર્યક્રમો, સેમીનારો, ટ્રેડ ફેર, ઈવેન્ટ વગેરે આપણા સમાજ સમક્ષ સફળતા પૂર્વક યોજાયા છે. આપણા સમાજની યુવા શક્તિને તેમજ સમાજનાં નાના મોટા સૌને ઝાલાવાડ બિઝનેસ ફોરમે એક આગવું મંચ પુરૂ પાડવા સાથે આપણા સમાજનાં વેગવંતા વિકાસની કેડીનાં સહભાગી રહેલ છે.

વર્તમાનમાં આવશ્યક જરૂરી કાંઈક પરિવર્તન લાવવા સાથે ઝેડ.બી.એફ. એ ખાસ કરીને આપણા સમાજનાં યુવા વર્ગને પ્રોત્સાહિત કરેલ છે. આપણા સમાજનાં સભ્યોને, યુવાવર્ગને આગળ લાવવા, આપણા સમાજની ઉભરતી પ્રતિભાઓને આગળ લાવવા સાથે, તેઓની ટેલેન્ટને બહાર લાવવા અર્થે ઝાલાવાડ બિઝનેસ ફોરમે તેઓને એક સરસ પ્લેટફોર્મ પુરૂ પાડેલ છે. તેને નિખાર આપતી પ્રોત્સાહિત તકો પુરી પાડે છે. આનું એક સફળ પરીણામ એટલે ભાઈ મોહિત કે જે **'તલાશ-ટુ'** નાં પાર્ટીસીપેટ હતા અને આજે તેઓ આ **'તલાશ-થ્રી'** નું કોમ્પેરીંગ કરી રહયાં છે. જે બતાવે છે કે આ પ્લેટફોર્મ, આ સ્ટેજ કેટલું ઈફેક્ટીવ છે. કેટલું વેલ્યુએબલ છે. કેરીયરને શું ઈન્ફેકટ કરે છે.



ભારત દેશનાં ૭૮માં સ્વતંત્રતા દિવસ એટલે ૧૫મી ઓગષ્ટ ૨૦૨૪ ગુરૂવારનાં રોજ ઝાલાવાડ બિઝનેસ ફોરમ આયોજીત **'તલાશ-થ્રી'**નાં ઈવેન્ટનું આયોજન એસ્પી ઓડિટોરીયમ મલાડ વેસ્ટ ખાતે સવારનાં ૯ઃ૩૦ કલાકથી સાંજનાં ૫ કલાક દરમ્યાન યોજવામાં આવેલ હતું. ઉમંગ, ઉત્સાહ અને ઉલ્લાસ ભરી સુનેહરી સવારથી સર્વે પ્રસન્નતા સાથે એસ્પી ઓડિટોરીયમ પધારી રહયાં હતા. **'તલાશ-થ્રી'**નાં ઓડીશન રાઉન્ડ, સેમી ફાઈનલ રાઉન્ડ પછી આજનાં આ **ગ્રાન્ડ ફિનાલે**નાં એક ઉત્સાહ ભર્યા માહોલ સાથે કાર્યક્રમની શરૂઆત સુંદર ગાઈકી અને સંગીતનાં સૂર સાથે નવકાર મંત્રનું સ્મરણ કરવામાં આવેલ. **'તલાશ-થ્રી'** નાં નેટવર્કીંગ હેડ તેમજ કેપ્ટન સમા ઝાલાવાડ બિઝનેસ ફોરમનાં **સેકેટરી શ્રી રાહુલભાઈ સંઘવી**એ સુંદર આવકાર સ્પીચ આપતા પધારેલા સૌનું સ્વાગત કરી ઉમળકાભર્યો આવકાર આપેલ. તેઓએ જણાવેલ કે દરેક પાર્ટીસીપેન્ટો ભલે અલગ અલગ એરીયામાંથી હશે પણ Finaly It Is Zalawadi. We All Are One. We Are United. આથી તેમણે દરેક પાર્ટીસીપેન્ટોને તાળીઓનાં ગડગડાટથી વધાવી પ્રોત્સાહિત કરવાની સૌને અપીલ કરેલ.



ઝાલાવાડ બિઝનેસ ફોરમ (ZBF) નાં **ચેરમેન શ્રી રાજીવભાઈ શાહે** સ્વતંત્ર ભારતનાં સ્વતંત્રતા દિવસ ૧૫મી ઓગષ્ટનાં આજનાં ઈવેન્ટ ઓપનીંગની જાહેરાત હર્ષ, ઉલ્લાસ અને ઉત્સાહ સાથે કરેલ હતી. **'તલાશ-થ્રી'** ની કન્વીનર ટીમમાં શ્રી ચેતનભાઈ શાહ (કાંદિવલી), શ્રી મનોજભાઈ શાહ (મુલુંડ), શ્રી પ્રતીકભાઈ શાહ (ભાયંદર), શ્રી મનોજભાઈ શાહ (સાયન), શ્રી સ્નેહાબેન શાહ (વિલેપારલા), શ્રી મેહુલભાઈ શાહ (માટુંગા) આ કન્વીનર્સ ટીમ પોતાની ટીમવર્ક તાકાતથી રાત - દિવસની સખત મહેનત સાથે જોડાયેલા રહીને ઈવેન્ટને સફળ બનાવવાનાં સફળ સારથી સમાન રહયાં હતા. લગભગ ૧૨૫ આસપાસ આવેલી એન્ટ્રીઓમાંથી **ગ્રાન્ડ ફિનાલે**માં




૩૯ આસપાસ એન્ટ્રીઓએ સુંદર પરફોર્મન્સ આપેલ હતા. આ ઈવેન્ટમાં મ્યુઝીક, સીંગીગ, ડાન્સીંગ, એકટીંગ, ગ્રુપ ડાન્સીંગ, ડ્રોઈંગ, કયુબીક વગેરે ટેલેન્ટ ઉપર ખૂબ જ સુંદર પરફોર્મન્સ રજૂ થતા ઝાલાવાડીની મહત્તા અને પ્રતિષ્ઠાનો દબદબા ભર્યો ઉન્નત વૈભવ સર્જાયો હતો.

**ગ્રાન્ડ ફિનાલે**માં સીંગીગ કેટેગરીમાં પ્રથમ વિજેતા તરીકે **શ્રી જવાહર શાહ** (સાયન લાયન્સ) તથા ફર્સ્ટ રનર્સ અપ તરીકે **શ્રી સાહિલ શાહ** તથા સેકન્ડ રનર્સ અપ તરીકે **પીન્કી શાહ** (વેસ્ટર્ન વોરીયર્સ) આવેલ હતા. ડાન્સીંગ કેટેગરીમાં પ્રથમ વિજેતા તરીકે **રીતીકા કામદાર** (વેસ્ટર્ન વોરીયર્સ) તથા ફર્સ્ટ રનર્સ અપ તરીકે **માયશા** અને **જીયા બારભાયા** (કાંદિવલી રાઈડર્સ) આવેલ હતા. અધર કેટેગરીઝ ટેલેન્ટમાં પ્રથમ વિજેતા તરીક બે પાર્ટીસીપેન્ટને ટ્રોફી મળેલ. ડ્રોઈંગમાં **ગ્રીષ્મા મહેતા** (મલાડ ગોરેગાંવ ચેલેન્જર્સ) અને એરીયલ એકટ **ટીયરા ગાંધી** (વેસ્ટર્ન વોરીયર્સ) તેમજ સેકન્ડ રનર્સ અપ તરીકે રુબીકસ કયુબમાં **દેવર્શ શાહ** (ઘાટકોપર જાયન્ટસ) આવેલ હતા. ગ્રુપ ડાન્સીંગ કેટેગરીમાં પ્રથમ વિજેતા તરીકે **સાયન લાયન્સ ટીમ** તથા ફર્સ્ટ રનર્સ અપ તરીકે **મલાડ ગોરેગાંવ ટીમ** આવેલ હતી. **માનબા કપ** પ્રથમ વિજેતા તરીકે **સાયન લાયન્સ**, સેકન્ડ વિજેતા તરીકે **કાંદિવલી રાઈડર્સ**, થર્ડ વિજેતા તરીકે **મલાડ ગોરેગાંવ ચેલેન્જર્સ** આવેલ. જેઓને માનબા કપથી સન્માનીત કરવામાં આવેલ. દરેક વિજેતાઓને એવોર્ડ, ટ્રોફી તથા અન્ય પાર્ટીસીપેન્ટોને કોન્સોલેશન પ્રાઈઝીસ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા.

આ ઈવેન્ટનાં મેઈન સ્પોન્સર્સ **શ્રી મનીષભાઈ શાહ (માનબા ફાયનાન્સ )**, ટ્રોફી સ્પોન્સર્સ **શ્રી કિરણભાઈ શાહ (ટીપટોપ ઈમ્પેક્ષ)**, ગીફટ સ્પોન્સર્સ **શ્રી અર્ચનાબેન (ફલોરીયન સ્પા એન્ડ સલૂન)**, સર્ટીફિકેટ એન્ડ કોન્સોલેશન પ્રાઈઝ સ્પોન્સર્સ **શ્રી મોની શાહ એન્ડ શ્રી પિયુષ શાહ (હાઈ-ટેક કોમ્પ્યુટર સોલ્યુશન)**, ટીકીટ સ્પોન્સર્સ **શ્રી દિપેન શાહ (જેપી મિડાસ ઈન્ટરનેશનલ)** રહયાં હતા. **ટીમ સ્પોન્સર્સ**માં **માંગલ્ય ફેશન, શ્રી વ્યોમાબેન,** ( કાંદિવલી રાઈડર્સ), **શ્રી શૈલેષભાઈ કટુડાવાળા - શ્રી અનિલભાઈ ટોળીયા** (બોરીવલી બાદશાહ), **કોમ્પ્રેસ, શ્રી રાજેશભાઈ** (સાયન લાયન્સ), **દિયાન એસ્ટેટ**, **શ્રી મિતુલભાઈ** (ઘાટકોપર જાયન્ટસ), **કેજી ગ્રુપ, ઓફ કંપની, શ્રી રાજુભાઈ** (ઈસ્ટર્ન આઈકોન), **બેલ્ટ સેન્ટર, શ્રી પરાગભાઈ** (વેસ્ટર્ન વોરીયર્સ), **સમ્યક ગ્યાન ફાઉન્ડેશન, શ્રી હરનીશભાઈ** (મલાડ ગોરેગાંવ ચેલેન્જર્સ), **વેલ વીશર** (સાઉથર્ન સમેશર્સ) ઉપરોકત બધા જ સ્પોન્સર્સનું ઉમદા બહુમાન કરવામાં આવેલ.


શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ મુંબઈ અને પરા મંડળો, શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશન, ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ, જે.જે.સી., ઝાલાવાડી સ્થાનકવાસી સભા વગેરે માંથી હોદેદારો, પદાધિકારીઓ, ટ્રસ્ટીશ્રીઓ, મહાનુભાવો, શ્રેષ્ઠીઓ, આમંત્રિતો વગેરે માંથી ઉપસ્થિત રહેનાર સર્વેએ સુંદર કાર્યક્રમ માણ્યો હતો. આ દિવસે ૧૫મી ઓગષ્ટ સ્વતંત્રતા દિવસ હોવાથી સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ શાહ, ઝેડ.બી.એફ. ચેરમેન શ્રી રાજીવભાઈ શાહ, શ્રી મનીષભાઈ શાહ (માનબા ફાયનાન્સ) નાં હસ્તે સ્ટેજ ઉપર રાષ્ટ્રધ્વજ લહેરાવીને ધ્વજવંદન કરવામાં આવેલ. મુંબઈમાં આપણા ઝાલાવાડ સમાજનાં ઈતિહાસમાં કદાચ આ પહેલીવાર ધ્વજવંદન થયેલ હશે. જે આપણા સમાજ માટે ગૌરવ સમાન છે.




શ્રી સંઘ **પ્રમુખ શ્રી દિલીપભાઈ શાહે** આ ઈવેન્ટને ખૂબ જ સુંદર કાર્યક્રમ તરીકે જણાવી સંઘ લેવલે તેમાથી સ્પેશ્યલ કોર્ડિનેશન શીખવાનું છે. તેઓએ દામોદરવાડીને ડેવલોપ કરવાનું તેમનું સ્વપ્ન જણાવી તે પૂર્ણ કરવાની ઈચ્છા જણાવેલ. શ્રી ગીરનાર તીર્થે એક સુંદર ઝાલાવાડી યાત્રિક ભવન બનાવવાનો તેમજ નેરલ કર્જત ખાતે સેનોટરીયમ બનાવવાની ઈચ્છા વિશે તેમણે વાત કરેલ. એક જૈન ઝાલાવાડ માટે વાત કરતા તેઓએ તે માટેની મીટીંગો થઈ રહી છે, તેમ જણાવેલ. આ બધા કાર્યો આ યંગ ગ્રુપને આપીને તે પુરા કરે તેવી તેઓએ ભાવના ભાવી હતી. આ સુંદર કાર્યક્રમ કર્યો તેમ આવી રીતે આગળ વધતા રહો. સંઘ, ફાઉન્ડેશન અને ઝાલાવાડની બધી જ સંસ્થા તમારી સાથે છે. અને આપણે એક ઝાલાવાડ, સુંદર ઝાલાવાડ બનાવીએ તેમ જણાવી તેઓએ શુભેચ્છા પાઠવી હતી.

ઝાલાવાડ બિઝનેસ ફોરમનાં **ચેરમેન શ્રી રાજીવભાઈ શાહે** પોતાના વક્તવ્યમાં જણાવેલ કે કોઈપણ પ્રોગ્રામની સફળતા હોય તો તેનું રીઝન છે મજબૂત ટીમવર્ક. આ ઈવેન્ટ **'તલાશ-થ્રી'** નાં કન્વીનર્સ, કોર્ડીનેટર્સ, પૂરી ટીમની ડે - નાઈટની મહેનતનાં ટીમવર્કનાં ફળ સ્વરૂપે આ ઈવેન્ટ સક્સેસ થયેલ છે. આજે એક અલગ જ ટાઈપનો ઉત્સાહ અને એનર્જીનું વાતાવરણ આપણા સમાજમાં ક્રિએટ થયેલ છે. આપણા સમાજમાં ટેલેન્ટ અને સ્કીલનો ભંડાર છે. પણ તેઓને તક આપવાની જરૂર છે. ઝાલાવાડ બિઝનેસ ફોરમ આપણા સમાજની ઉભરતી ટેલેન્ટેડ પ્રતિભાઓને એક ઓપોર્ચિન્યુટી, એક ચાન્સ માટે તક આપી પ્લેટફોર્મ પુરું પાડી પ્રોત્સાહિત કરી રહયું છે, આથી તેઓને આપણા સમાજની સામે પરફોર્મન્સ કરવાની તક મળે છે. ઝાલાવાડ સમાજમાં ચેન્જ લાવવાની જરૂર છે. આપણા ભાઈઓ - બહેનોને સમૃધ્ધ બનાવવા હોય, યુવા પેઢિને આગળ

લાવવી હોય તો આપણે બધા મંડળોએ ભેગા થઈને એક સાથે મળી, એક થઈને કામ કરવું જોઈએ. જેથી કોઈપણ કામ આસાનીથી કરી શકીએ. બીજા સમાજથી આપણા સમાજે આગળ ચાલવું હોય તો આપણે બધાએ એક થઈને યુનીટીથી કામ કરવું જરૂરી છે. આપણી કોઈપણ સંસ્થા એક પ્રોગ્રામ કરે તો બીજાએ સપોર્ટ આપવો જોઈએ. સહયોગ આપવો જોઈએ. સમય સાથે જમાનો બદલાય છે. આપણે બદલવાની જરૂર છે. સમય સાથે ચાલવાની જરૂર છે. આપણે એવું કાંઈ કરતા નથી તેથી આપણી યુવા પેઢિ આપણી સાથે જોડાતી નથી. યુવા પેઢીને ઈન્ટ્રેસ્ટ પડે તેવા પ્રોગ્રામ કરીએ. આપણે તેઓને રીસ્પોન્સીબીલીટી, ઓથોરીટી આપતા નથી. આપણે તેઓને ઓફીસ બેરર્સ, હોદેદારો બનાવતા જ નથી. યુવા પેઢિને ઈન્ટ્રેસ્ટ છે પણ તેઓને આપણે જગ્યા આપવી પડે. નવી પેઢિને ચાન્સ આપવો જોઈએ. આ યંગ પાવરફ્ફુલ છે, સ્ટ્રોંગ છે. આપણા સમાજની બેન - દિકરીઓ લગ્ન પછી બીજા સમાજમાં જાય છે. તેઓનાં પ્રેમ લાગણી ઓછા થયા નથી. તેઓ બધા ઝાલાવાડથી સંકળાવવા માંગે છે. આપણે સમજવાની જરૂર છે. સમાજ વિકસાવવાની જરૂર છે. આપણે આપણું નહિ વિચારતા સમાજ માટે વિચારીએ. એક ચેરમેન તરીકે શ્રી રાજીવભાઈની પાવરફુલ અસરકારક સ્પીચ ખૂબ જ આગવી અને પ્રભાવી રહી હતી. સૌ કોઈએ તાળીઓનાં ગડગડાટથી **તેઓની સ્પીચને આવકાર આપતા સ્ટેન્ડીંગ ઓવેશન આપી નવાજી** હતી




ઝાલાવાડ બિઝનેસ ફોરમનાં **વાઈસ ચેરમેન શ્રી કિરણભાઈ શાહે** જણાવેલ કે આ ઈવેન્ટ માટે દરેક કોઓર્ડીનેટર્સ અને તેઓની ટીમ છેક રૂટ સુધી પહોચ્યા અને મુંબઈમાંથી તેમજ એકે એક સબર્બમાં પહોચીને એક એક ટેલેન્ટને લઈ આવ્યા ને તે ટેલેન્ટનો સારામાં સારો શો કેઈશ કરી શકયા. જે આપણી પાવરફુલ સ્ટ્રોંગ ટીમોની કાબેલિયત છે. આવી રીતે ટીમવર્ક થકી આપણે ઝાલાવાડનાં રૂટ સુધી પહોચીએ અને સારા ટેલેન્ટેડ પ્રતિભાશાળીઓને આગળ લાવીએ. આ જ ઝાલાવાડ બિઝનેસ ફોરમનું વિઝન છે મિશન છે. જે ઝાલાવાડી બહેનોને બિઝનેસ કરવો છે કે જે બહેનો બિઝનેસ કરી રહયાં છે. જે બિઝનેસ વુમન છે. તેઓને હંમેશા ઝાલાવાડ બિઝનેસ ફોરમે શરૂઆતથી જ પ્રોત્સાહન આપેલ છે.



**શ્રી હરનીશભાઈ શાહે** આપણા ઝાલાવાડ સમાજની મહિલાઓને સ્વાવલંબન (Self-reliance) બનાવવા માટેની વાત કરેલ. આજે Women Empowerment Program (ZBF WEP) લોન્ચ કરવામાં આવેલ. આ અંતર્ગત આમા દરેકે દરેક કે જે ઘરેથી કામ કરતી મહિલાઓને સ્વાવલંબન કેવી રીતે બનાવી શકીએ, તે માટેની સીસ્ટમ પ્રોવાઈડની, સપોર્ટની માહિતી તેઓએ આપેલ હતી. આ પ્રોગ્રામ અંતર્ગત મહિલાઓને લોન ફંડ આપવામાં આવશે. આ સ્કીમ માટેનાં ફોર્મનું અત્રે સર્વ મહાનુભાવોને હસ્તે ઓપનીંગ કરવામાં આવેલ.

**'તલાશ'**નાં ત્રણેય ઈવેન્ટોમાં સ્પોન્સર્સ રહેવાની તક મળેલ છે, તેમ જણાવતા **શ્રી મનીષભાઈ શાહે**(માનબા ફાયનાન્સ) આપણે બધા ભેગા મળીને ઝાલાવાડનાં સ્વપ્નો સાકાર કરીશુ તેવી ભાવના વ્યકત કરેલ. આગળ હવે બિઝનેસ ઉપરનાં કાર્યક્રમો આપવા તેઓએ જણાવેલ. આપણા સમાજનાં લોકોને **''સફર ઝાલાવાડ કી''** હેઠળ આપણા વતનમાં સૌને લઈ જવા માટે એક ટુર કરવામાં આવે તેવી ભાવના તેઓએ વ્યકત કરેલ. તેઓ તેમા પોતાનો સહયોગ આપશે તેવી રજૂઆત તેમણે કરી હતી.



પ્રથમ **'તલાશ-વન'** ભાઈદાસ હોલ વિલેપારલેમાં, દ્વિતીય **'તલાશ-ટુ'** ઝવેરબેન હોલ ઘાટકોપરમાં અને તૃતીય **'તલાશ-થ્રી'** એસ્પી ઓડિટોરીયમ મલાડમાં યોજવામાં આવ્યા. આમ દરેક વખતે મુંબઈનાં અલગ અલગ વિસ્તારને આવરી લેવાની ઝેડ.બી.એફ.ની ન્યાય આપતી બેલેન્સીંગ સકારત્મક અભિગમની સ્પર્શના થાય છે. તો **'તલાશ-થ્રી'** નાં આ ઈવેન્ટનાં સમગ્ર કાર્યક્રમમાં કોઈ પ્રોફેશનલ સ્ટેજ એંકરને નહિ બોલાવતા, ઝાલાવાડ સમાજની ઉભરતી ટેલેન્ટ સમા અલગ અલગ એંકર આર્ટીસ્ટો પાસે એંકરીંગ કરાવીને તેઓને પ્રોત્સાહિત કરેલ છે. આમ આપણા જ સમાજનાં પ્રોગ્રામમાં આપણા જ ઝાલાવાડ સમાજનાં એંકર આર્ટીસ્ટોને ઉમદા તકો આપવાની સમાજ ભાવનાની આગવી પહેલનું આ એક શ્રેષ્ઠ ઉદાહરણ બનેલ છે. ઝાલાવાડ બિઝનેસ ફોરમનાં ઉપરોક્ત આ બન્ને પ્રયત્નો આપણા સમાજ માટે નોંધનીય અને અનુસરણીય છે.

**- ઉપેન્દ્રભાઈ શાહ (પૂર્વ સંપાદક), મો.** 98693 61411

કાળનો પ્રહાર અચૂક છે....

# તૂટી ગયેલા જીવનને સાંધવા 'પ્રભુ' પણ સમર્થ નથી!

થોડા સમયથી હૃદયરોગના હુમલાના સમાચાર બહુ સાંભળવા મળે છે.

આપણને પરિચિતોના પરલોકગમન - દેહાવસાનના સમાચાર સાંભળવા મળે કે પેલા ભાઈ અચાનક અવસાન પામ્યા, હૃદયરોગનો હુમલો પ્રાણઘાતક નીવડ્યો, પેલા બહેનને હાર્ટ એટેક આવ્યો અને દુઃખદ નિધન થયું. દાદા દેવ થયા, *Passed Away, No More,* શ્રમણ-શ્રમણીજી કાળધર્મ પામ્યાં... આવા સમાચારો વાંચીને કે સાંભળીને મુખમાંથી શબ્દો સરી પડે... ઓહ ગોડ!

અરે! હમણાં તો આપણે તેઓને મળ્યા'તા... અને અચાનક જ ચાલ્યા ગયા.

જી હા, અનેક ઉપચારો કરવા છતાં પણ આત્મા પરલોકે પ્રયાણ કરી જાય છે. બાળક હોય, યુવાન હોય કે વૃદ્ધ, નેતા હોય કે અભિનેતા, ગરીબ હોય કે તવંગર, રાજા હોય કે રંક, તંત્રી હોય કે મંત્રી, શ્રમણોપાસક હોય કે શ્રમણ, શ્રાવિકા હોય કે શ્રમણી... કોઈ પણ જીવાત્માનું આયુષ્ય પૂર્ણ થયે કાળ એનો ધર્મ બજાવવા સમયસર પહોંચી જાય. દીપાવલી હોય કે કોઈ શુભ અવસર કેમ ન હોય!

''કાળ કોઈને પણ મુદત આપતો નથી.''

ગામડી ભાષામાં કહેવાય છે ને **'જમ'**ના તેડા આવી ગયાં. યમરાજ આવીને ધમનીના ધબકારા બંધ કરી આત્માને ઉપાડી ગયો! આવા સમયે વડીલો સદ્ગતના પરિવારજનોને આશ્વાસન આપતાં એક કહેવત બોલતા હોય છે, કે

''તૂટીની કોઈ બૂટી નથી.''

આપણે સ્વર્ગસ્થ આત્મા વિષે વાતો કરતા હોઈએ ત્યાં તો એક, બે કે ત્રણ સમયમાં એ આત્માએ જે ગતિનું આયુષ્ય બાંધ્યું હોય ત્યાં ઉત્પન્ન પણ થઈ ગયો હોય છે.

પ્રભુએ પોતાની ધર્મ દેશનામાં કહ્યું, કે

**''જીવન અસંસ્કૃત છે એટલે કે એકવાર તૂટ્યા પછી તેને સાંધી શકાતું નથી.''**

વર્તમાનમાં વૈજ્ઞાનિકો રોજબરોજ નવી નવી શોધો કરે છે. અરે! કાચ જેવી વસ્તુઓ તૂટી જાય તો તેને પણ જોડવાના સોલ્યુશન આવી ગયા છે. ફક્ત, મૃત્યુ જ એવી બાબત છે કે એકવાર જીવના આયુષ્યના દલિકો પૂર્ણ થાય એટલે તેને પુનઃ જોડવાનું કે સાંધો કરવાનું સોલ્યુશન આજ પર્યંત જગતમાં કોઈ શોધી શક્યું નથી.

અરે! મનુષ્યલોકનો માનવી તો ઠીક પરંતુ દેવલોકના દેવો અને ખુદ તારક તીર્થંકર પરમાત્મા પણ આ કાર્ય કરવામાં સમર્થ નથી.

પ્રભુએ આ જ વાત ફરમાવતાં કહ્યું, કે

''મૃત્યુ માણસને ઉપાડી લે છે ત્યારે માતા પિતા - બંધુ તેને બચાવી શકતાં નથી.''

એ વાત પણ આવે છે કે શ્રમણ ભગવંત પ્રભુ મહાવીરના નિર્વાણની ઘડિયું ગણાતી હતી ત્યારે કાકલૂદી કરતાં ઈન્દ્ર મહારાજાએ કહ્યું હતું કે હે નાથ! અત્યારે ભસ્મક વાયરો ચાલી રહ્યો છે, તેથી આપ આપનું આયુષ્ય માત્ર બે ઘડીનું વધારી દો, જેથી એ ભસ્મક આપના શાસનને હાનિ ન પહોંચાડી શકે.

આ સાંભળી પ્રભુ કહે છે, કે હે દેવેન્દ્ર! ભૂતકાળમાં કદી બન્યું નથી અને ભવિષ્યમાં કદી આવું બનશે ય નહીં. કહેવાનું તાત્પર્ય એ છે કે આયુષ્યને વધારવા દેવલોકના દેવો કે ખુદ દેવાધિદેવ પણ સમર્થ નથી.

''વીજળીના ચમકારે મોતીડા પરોવી લો પાનબાઈ... અચાનક અંધારા થાશે જી!''

જીવન વીજળીના ચમકારા જેવું ચંચળ છે. આયુષ્ય ક્યારે પૂર્ણ થઈ જશે ને કાળરાજા ક્યારે કોળીયો કરી જશે તેની ખબર પણ નહીં પડે.

કવિવર પ્રવિણભાઈ દેસાઈની પંક્તિ યાદ આવે;

**''જેટલો ઝાઝો તમોને મોહ છે સંયોગમાં, એટલું ઘેરું તમોને દુઃખ થાશે વિયોગમાં....''**

અને તેથી જ શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે વર્તમાનમાં મળેલી પ્રત્યેક પળ અપ્રમત્ત ભાવોમાં રહી અંતિમ શ્વાસોશ્વાસ પર્યંત આત્મગુણોની ઉપાસના અને આરાધનામાં સૌએ તત્પર રહેવું જોઈએ.

એ પંક્તિ યાદ આવે; ''જાવું તારે છોડીને ઘરબાર રે, ઓચિંતા આવશે આણલા રે... એ મોંઘો મીઠો માનવતણો અવતાર રે, નિજાનંદને પામવા રે લોલ...''

**- મનોજ ડેલીવાલા (જૈનમ્ જયતિ શાસનમ્)**

**કાયમી સંપર્ક: નવકાર ફુડ પાર્સલ પોઈન્ટ**
**સુકેતુભાઈ (જોરાવરનગર)**

**મો.૯૦૯૯૯ ૨૨૫૮૯ /૦૯૦૯૯૯ ૨૨૪૨૬**

**ફોન: (૦૨૭૫૨) ૨૨૨૫૮૯**

મુંબઈ થી બોટાદ પાલીતાણા અને ભાવનગર જતા જૈન યાત્રીકો માટે પ્યોર જૈન ત્થા મુંબઈથી ગીરનાર જતા યાત્રીકો માટે

## નવકારશીની વ્યવસ્થા (ચા-દૂધ-નાસ્તો)

**(ગ્રુપ બુકીંગ પણ કરવામાં આવે છે.) ઉકાળેલા પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે.અમારે ત્યાં દરેક નાસ્તા શુધ્ધ - સાત્વીક - પ્યોર જૈન ફુડ મળશે અને તમારા ઓર્ડર મુજબ ગરમ નાસ્તો બનાવી આપીશું**

સૌરાષ્ટ્ર જનતા - સૌરાષ્ટ્ર મેલમાં રાજકોટ - વાંકાનેર - સુરેન્દ્ર નગર થી મુંબઈ જતા યાત્રીકો માટે અગાઉ બુકીંગ કરાવવાથી જૈન ભોજનની વ્યવસ્થા સુરેન્દ્રનગરમાં ઉપલ્બધ છે.

વોટ્સઅપ : ચિરાગ મો.૯૮૭૯૨૭૭૯૭૩,
સુકેતુ મો.૯૩૭૪૬ ૭૮૯૧૦

સુરેન્દ્રનગર ગેટ સ્ટેશને જમવાનું મળશે.

---

Rajesh : 98243 43499
Dhruvin : 90334 82510
Jai Jinendra
(O) : 0265 - 2422411
98250 42266

## SULSA TRAVELS

CONTACT FOR SAFE AND COMFORTABLE JOURNEY

HONDA CITY, SWIFT DZIRE, INNOVA, INDICA, INDIGO, TAVERA, ENJOY, WINGER, TEMPO TRAVELLER, MINI BUS, LUXURY BUS
All Vehicles Available in A/C & NON A/C



E-MAIL : sulsatravels@gmail.com
Opp. Lalji Kui Masjid, Nagarwada, Vadodara

---



Rajesh Shah
+91 - 9820518767

MARKO™
Write with pride...

Nimit Shah
+91 - 8976179249



## NILRAJ ENTERPRISES

★ MFG OF - Ball Pens & Roller Ball Pens ★
★ CONTACT US ★
13, Old Guest House, Bhadran Nagar Road No.2,
S. V. Road, Malad (West), Mumbai - 400064.
E-Mail : nilrajpens@gmail.com / nimits350@gmail.com
022 - 28070424
Website : www.markopens.com

---

Manufacturing of:
Roller Pen, Ball Pen
& Corporate Gifting

## I. B. Shah
ENTERPRISE

C-5-3, Bhadran Nagar,
Near N. L. High School,
S. V. Road, Malad West,
Mumbai: 400 064.

Nilesh Shah
+91-9820827512
ibshahent@yahoo.com

---

## Vision OPTICS
SINCE 1991
Opticals & Contact Lenses

9, Laxmi Palace,
60 Feet Road, Ghatkopar (East),
Mumbai - 400 077.
91-22-2501 6161
93235 29352
visionoptics1991@gmail.com

1 & 2 , Vaibhav Residency,
Plot No. NDR 22 , Tilaknagar,
Chembur (West) , Mumbai-400089.
91-22-2528 6161
99309 29352
visionopticschembur@gmail.com

follow us on :

---

Estd.-1931

## J. LALDAS & Company

507, Maulana Azad Road, Near Gol Deval Temple,
Mumbai - 40 004. Tel.: 2346 2023 / 2347 0259

33/C, Laxmi Industrial Estate, New Link Road, Andheri (West),
Mumbai - 400 053. Tele Fax : 2636 6896 / 4003 9177
Email : jlaldas@gmail.com, jlaldas_co@hotmail.com

Jaquar experience bathing | Artize | Jaquar WATER HEATERS | CISTERNS

---

## NEW MAHAVIR TRAVELS

Available Rental Car / Taxi in Surendranagar
Innova - Ertiga - Swift Desire
Tempo Traveller - EECO
*Available at Discounted Price*

Contact :
Gautambhai Kothari - 9898166768
Darshanbhai - 8780028856

# ✤ સ્મરણાંજલી ✤

## ઝાલાવાડી દશા શ્રીમાળી મુર્તિપૂજક જૈન



**જન્મ :**
**તા. ૨૫/૦૫/૧૯૩૫**

**દેહાવસાન :**
**તા. ૨૩/૦૬/૨૦૨૪**

## શ્રી પ્રવિણભાઈ માણેકલાલ શાહ

**રામપુરા-ભંકોડા નિવાસી, હાલ - તારદેવ, મુંબઈ**

**નથી હયાત તમે પણ સાથે હોય એવુ લાગ્યા કરે છે.**
**હર પલ આપની હાજરીનો આભાસ લાગ્યા કરે છે.**
**પ્રભુનું શરણ પામવા અમારા વચ્ચેથી વિદાય લઈ ગયા.**
**આપનું જીવન અમારી પ્રેરણા છે. આપના આદર્શો અમારા માર્ગદર્શક હતા, છે અને રહેશે.**
**સમાજસેવા અને ધર્મભાવ આપની ઓળખાણ છે.**
**આપ સદાય અમારા સ્મરણોમાં રહેશો.**

### ✤ પ્રેમાળ સ્મૃતિમાં ✤

**ધર્મપત્ની :** સ્વ. સરલાબેન પ્રવીણભાઈ શાહ
**ભાઈ-બહેન :** સ્વ. કાંતીભાઈ-સ્વ. ચિનુભાઈ-ભુપેન્દ્રભાઈ-સ્વ. ભાનુબેન

**પુત્ર-પુત્ર વધુ :**
વિજય-કિરણ, કૌશિક-બિરાજ

**દિકરી-જમાઈ :**
હિનલ-કિર્તીભાઈ શાહ
રાજુલ-અમીતભાઈ અજમેરા

**પૌત્ર-પૌત્રી :**
હર્ષિલ, મિલોની, કાન્હાઈ

**દોહીત્ર-દોહીત્રી :**
જશ-રિધ્ધી, કરણ-માહી

**સાસરા પક્ષ : વિરમગામ નિવાસી :** સ્વ. રતિલાલ ભગવાનદાસ શાહ

Dhimant Shah
+91 90295 21575

Er. Aakash Shah
B.E Automobile, A.D.A.M., C.D.E. (Mercedes Benz)
+91 89766 69545

**AUTO WORLD**®
Complete Car Solutions

Mobile Van: Nisarg Heaven CHSL, Pawandham Lane, Mahavir Nagar, Kandivali (W), Mumbai - 67.
+91 93242 06784 / +91 89766 33099
*Now also at Borivali*

WORKSHOP : Ahead of BPCL Petrolpump, New Link Road, I. C. Colony, Borivali (W), Mumbai - 103
+91 9321463225

- CAR REPAIR & SERVICES
- CAR PARTS & ACCESSORIES
- CAR SCANNING
- CAR DIAGNOSTIC CENTER
- INSURANCE & RTO CONSULTANTS
- CASHLESS INSURANCE CLAIMS **
- INTERIOR CLEANING & POLISHING
- CAR A/C. INSTALLATION & REPAIR
- FREE PICKUP & DROP SERVICE AVAILABLE
- COMPUTERISED KEY MAKING
- TIRE & BATTERIES
- DENTING & PAINTING
- CAR MODIFICATION
- NEW CAR BOOKING
- PRE OWNED CARS
- CAR FINANCE
- TOWING SERVICE AVAILABLE


**SPECIALIZED IN PREMIUM CAR REPAIRS**

Special Discount on labour for Members upto 20%*
customer.autoworld@gmail.com   www.autoworldindia.in

---

Vinubhai Shantilal Mehta
**SHANTILAL & SONS**
**HARDWARE MERCHANTS**

90, Sarang Street, 1st Floor,
Mumbai - 400 003.
**Tel. (O) : 2342 1045, 2341 3195**
**(R) : 2882 2309, 2881 1310**
**(M) : 98213 40074**

---

**ANANT ENTERPRISES**
Office : G-1, Neo Corporate Plaza, Kach Pada,
Opp. Kapol Banquet Hall, Malad (W), Mumbai - 400064.
Tel.: 28824783/28442368 Email : anantenterprises3@gmail.com
**: Authorised Agent :**
***Greatwhite* Electricals**
**PETRA, FIANA & MYRAH MODULARS**
**WIRES & CABLES, MCB'S, LIGHTING & LED PANELS**
**PVC TAPE, CONDUITE PIPES & CEILING FANS**

**AJIT M. SHAH**   **SAMIR A. SHAH**

---

**SALONI INVESTMENTS**
Plan-Invest-Grow
Email: saloniinvestments@gmail.com
Financial solutions under one roof

**OUR SERVICES:**
Tax / Insurance / Financial Planning
Corpus Creation Wealth Management
Real Estate Consultancy

**OUR PRODUCTS:**
Bonds Fixed Deposit
Mutual Fund Property Investment
Insurance : Health | Life | General

**Health Insurance** – Manipal Cigna – care – TATA AIG
**General Insurance** – TATA AIG
**Life Insurance** – AVIVA – HDFC Life – LIC – ageas FEDERAL LIFE INSURANCE – BAJAJ Allianz
**Property Investment** – LODHA PREFFERED PARTNER – SURAKSHA SMART CITY – BHOOMI
**Bonds** – Corporate NCDs – Government Securities
**Fixed Deposits** – BAJAJ FINSERV – pnb Housing – SHRIRAM
**Mutual Funds** *Sahi Hai* – CANARA ROBECO Mutual Fund – Invesco Mutual Fund – kotak Mutual Fund – TATA MUTUAL FUND – MIRAE ASSET – PPFAS MUTUAL FUND – Mahindra MUTUAL FUND

Business Opportunity to become
**INSURANCE AGENT**
**Earn extra money**. Feel free to call

---

**INDIA ELECTRIC CORPORATION**
Email: indiaelectriccorporation@gmail.com
Distributor of : VGYAAN

**Interactive Panel**
HT Series - [IFP Board]
Size: 65" | 75" | 85" | 98"
- Dual OS
- High Efficient Video Content
- Split Screen
- 4K Resolution
- Screen Mirroring
- Interactive Presentation


Classroom DESK
(Single / Double / Triple Seater)
Podium
Audio / Metallic Digital


---

**KUNJIS Solutions**
Resolve to Evolve
Email: kunjissolutions@gmail.com
Graphic Designing :
Logos / Brochures / Pamphlets / Invitations
Automation Web Development
Software Development

---

**ELECTRICAL TRADERS** (ESTD 1958)
Dealers - Distributors - Marketing Consultant
Automations | Instrumentations | Electricals | Electronics

Mktg Office :
#7, Gr Flr, Shanti Nivas, C P Road,
Kandivali East, Mumbai - 400 101. BHARAT
Tel.: +91-22-4825 6418 - Mbl: +91 93210 38806

Head Office :
#4, Gr Flr, 38/42, Popatwadi, Kalbadevi Road,
Marine Lines East, Mumbai - 400 002. BHARAT
Tel.: +91-22-49763049 - Mbl: +91 98211 26404

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મા માળે, ઓલ્ડ પોલીસ લેન, રેલ્વે સ્ટેશનની સામે,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯. ફોન નંબર : ૯૧૩૭૩૪૨૮૧૮

Email : zalawadjainsangh@gmail.com Website : www.zalawadjainsangh.org


## ❖❖ ધાર્મિક શિક્ષણ પારિતોષિક યોજનાના વિ.સં.૨૦૮૦ના લાભાર્થી ❖❖

**માતુશ્રી હીરાબેન મહાસુખલાલ જગજીવનદાસ પારેખ**
**હ.: શ્રીમતી સુનીલા કમલેશભાઈ પારેખ સહ પરિવાર (લીંબડી - ઘાટકોપર)**

## ધાર્મિક શિક્ષણ પરીક્ષા આપેલ વિદ્યાર્થીનું અરજી પત્રક

ફોર્મ નં.: ________________ તા. : ________________

વિદ્યાર્થીનું નામ : ________________________________ ઉ.વર્ષ : ________

પિતા/પતિનું નામ : ________________________________ મો.: ________________

સરનામું : ____________________________________________________

________________________________________________ પીનકોડ : ________________

ધાર્મિક શિક્ષણ પરીક્ષા ધોરણ નં.: ________________ પરિણામ પત્રક મુજબ મેળવેલ માર્ક : ________

અરજદારનું નામ : ________________ મો.: ________________ સહી ________

### -: સુચના / નિયમો :-

(૧) શ્રી ઝાલાવાડ સંઘના ઓળખ પત્ર (આઈ કાર્ડ) ની ઝેરોક્ષ
(૨) ૨૦૨૪માં આપેલ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ-મુંબઈ દ્વારા દરેક ધોરણ ની પરીક્ષાના પરિણામ પત્રક (માર્કશીટ)ની ઝેરોક્ષ
(૩) દરેક ધોરણની પરીક્ષાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવેલા (સૌથી વધુ ગુણાંક)ને યોગ્ય પ્રભાવના આપવામાં આવશે. જેની જાણ વોટસએપ દ્વારા જણાવવામાં આવશે. ત્રણ વિદ્યાર્થીનું બહુમાન કરવામાં આવશે.
(૪) ધાર્મિક શિક્ષણ પાઠશાળામાં ભણતા હોય તેનું પ્રમાણપત્ર, પાઠશાળાના લેટરહેડ ઉપર રબ્બર સ્ટેમ્પ અને શિક્ષકની સહી સાથે આપવું.
(૫) સ્પષ્ટ અને વાંચી શકાય તેવા અક્ષરોમાં જ માંગેલ વિગતો સાથે ૨ (બે) મોબાઈલ નંબર જણાવવાના રહેશે.
(૬) આપના બેંક એકાઉન્ટના ચેકની ઝેરોક્ષ (૭) ફોર્મમાં વિગતો લખી મોકલવાની છેલ્લી તા.૧૫-૦૯-૨૦૨૪ રહેશે.
(૮) અધુરી વિગતો ભરેલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં / અથવા રદબાતલ ગણવામાં આવશે.
(૯) તપસ્વી બહુમાન અને શૈક્ષણીક તેમજ ધાર્મિક પરીક્ષાના પારિતોષિક વિતરણ કાર્યક્રમ તા.૨૨-૯-૨૦૨૪ દામોદરવાડી, કાંદિવલી (ઈ).

**ફોર્મ પહોંચાડવાનું સ્થળ** : ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મા માળે, ઓલ્ડ પોલીસ લેન, રેલ્વે સ્ટેશનની સામે, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૬૯
**મો.: ૯૧૩૭૩૪૨૮૧૮ સંપર્ક સમય : ૧૧.૩૦ થી ૫.૩૦ (રજાના દિવસો સિવાય)**
**કમલેશ પારેખ એન્ડ કું. (સી.એ.)** : ડી-૩૦૩, કૈલાશ એસ્પલેનેડ, એલ.બી.એસ. માર્ગ, એચ.ડી.એફ.સી. બેંકની ઉપર, શ્રેયસ ટોકીજ અને વિજય સેલ્સની સામે, ઘાટકોપર (વેસ્ટ). **મો.: ૯૮૨૦૦૮૯૪૫૧ સંપર્ક સમય : ૧૨.૦૦ થી ૫.૦૦**
**મુકેશભાઈ શાહ - ભાયંદર : મો.: ૯૮૬૯૦૪૦૧૫૦ / ૯૦૨૯૦૪૦૧૫૦ સંપર્ક સમય : ૧૦.૦૦ થી ૫.૦૦**

## -: કર્મના સિદ્ધાંતનું માર્ગદર્શન :-

**કર્મના સિદ્ધાંતનું માર્ગદર્શન... શાંતિથી વાંચજો....**
**સુંદર ૧૧ વાતો સમજવા જેવી.**

૧. ભગવાન કયારેય ભાગ્ય નથી લખતાં, જીવનના દરેક ડગલાં પર આપણો વિચાર, આપણો વ્યવહાર, આપણુ કર્મ જ આપણુ ભાગ્ય લખે છે.

૨. નીતિ સાચી હશે તો નસીબ કયારે પણ ખરાબ નહીં થાય,

૩. બીજો માણસ આપણામાં વિશ્વાસ મૂકે એ જ, આપણા જીવનની સૌથી મોટી સફળતા છે.

૪. દુઃખ ભોગવનાર વ્યક્તિ આગળ જઈને કદાચ સુખી થઈ શકે છે, પરંતુ દુઃખ આપનાર વ્યક્તિ આગળ જઈને કયારેય સુખી થતો નથી.

૫. માણસાઈ દિલમાં હોય છે, હેસિયતમાં નહીં, ઉપરવાળો માત્ર કર્મો જ જુએ છે, વસિયત નહીં.

૬. તમે ગમે તેટલા શતરંજ ના મોટા ખેલાડી હો, પરંતુ સરળ વ્યક્તિ સાથે કરેલ કપટ તમારી બરબાદીના તમામ રસ્તા ખોલી નાખે છે.

૭. પ્રાણ ગયા પછી શરીર સ્મશાનમાં બળે છે અને સબંધોમાંથી પ્રેમ ગયા પછી માણસ મનોમન બળે છે.

૮. જીવનમાં સ્વાર્થ પુરો થઈ ગયા પછી અને શરીરમાંથી શ્વાસ છુટી ગયાં પછી કોઈ કોઈની રાહ જોતું નથી.

૯. જે જોઈએ તે મેળવીને જ જંપવુ એ કદાચ સફળ માણસની નિશાની છે, પણ જે મળ્યું હોય એમાં હસતો ચહેરો રાખીને જીવવું એ સુખી માણસની નિશાની છે.

૧૦. ઈશ્વર જયારે આપે છે, ત્યારે સારું આપે છે અને નથી આપતો, ત્યારે વધું સારું મેળવવાનો રસ્તો આપે છે, પણ જયારે રાહ જોવડાવે છે... ત્યારે તો સૌથી ઉત્તમ ફળ જ આપે છે.

૧૧. આ ચરણ તો માત્ર મંદિર સુધી જ લઈ જઈ શકે, પણ આચરણ તો પરમાત્મા સુધી લઈ જઈ શકે...

આપશ્રીને જો ઉચિત જણાય તો, અન્યને પણ વાંચવા મોકલજો.

## શ્રી ખીમચંદભાઈ છગનલાલ શાહ માનવ સેવા ટ્રસ્ટ

ઉપરોક્ત ટ્રસ્ટનાં નેજા હેઠળ ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક પરિવારો માટેજ - તે પણ ભાયંદર - મીરા રોડમાં રહેતા અને શ્રી સંઘ - મુંબઈ અને શ્રી ઝાલાવાડ મંડળ - બોરીવલીમાં સભ્ય હોય તેજ પરિવારોના સભ્યોને કાયમી બીમારી દર્દી જેવા કે ડાયાલીસીસ - કેન્સર - પાર્કીનસન હૃદયની, આંતરડાની, ફેફસાની (અસ્થમા) વગેરે જેવા દર્દીઓને ૫૦% રાહત ભાવે દવા આપવામાં આવશે.

જે માટેનું ફોર્મ મેળવી પૂરી વિગતો લખી જરૂરી પ્રમાણ પત્રો બીડવાના રહેશે. ફોર્મ મંજુર થશે તો જાણ કરવામાં આવશે.

**સંપર્ક :** ૯૦૨૯૦૪૦૧૫૦ / ૮૮૨૮૬૪૦૧૫૦

**સંપર્ક સમય :** સાંજે ૪ થી ૬

## પત્રિકા મેળવવા માટેના સેન્ટર

| | | |
|---|---|---|
| મુંબઈ | કે. મહેન્દ્ર સ્ટીલ | ૯૩૨૧૧૮૬૭૧૬ |
| અંધેરી (ઈ) | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ | ૯૧૩૭૩૪૨૮૧૮ |
| મલાડ (ઈ) | શ્રી કાંતિભાઈ જે. માથુકીયા | ૨૮૮૯૧૮૯૨ |
| કાંદિવલી (ઈ) | દામોદરવાડી | ૨૮૮૭૪૬૩૩ |
| કાંદિવલી (વે) | શ્રી જયસુખલાલ શાહ એન્ડ સન્સ | ૯૮૨૧૧૩૩૧૫૦ |
| બોરીવલી (વે) | શ્રી દિનેશભાઈ બારભાયા | ૯૮૨૦૨૧૮૬૪૦ |
| અંધેરી (વે) | શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ | ૯૩૨૨૨૩૨૩૮૩ |
| ઘાટકોપર (વે) | વિઝન ઓપ્ટીક્સ | ૨૫૦૧૬૧૬૧ |
| ઘાટકોપર (વે) | વિકેશભાઈ કાંતીલાલ શાહ | ૭૩૮૭૪૮૩૭૭૪ |
| ભાયંદર (વે) | શ્રી મુકેશભાઈ ઉતમચંદ શાહ | ૯૮૬૯૦૪૦૧૫૦ |
| વસઈ (વે) | શ્રી નરેશભાઈ છબીલદાસ શાહ | ૯૧૬૭૪૪૭૬૬૭ |
| નાલાસોપારા (ઈ) | શ્રી દિલીપભાઈ ત્રંબકલાલ શાહ | ૯૮૨૦૨૭૦૬૯૩ |
| વિરાર (વે) | શ્રી ભરતભાઈ હસમુખલાલ શાહ | ૯૩૨૦૦૫૬૭૭૯ |

**જનરેશન ગેપ ?**

સાસુ-વહુ વચ્ચે,
બાપ-દિકરા વચ્ચે,
મા-દિકરી વચ્ચે તો
સમજ્યા, પણ
પતિ-પત્ની વચ્ચે ક્યાં છે
જનરેશન ગેપ ?
તો કેમ નથી બનતું ??

- પૂ.આ.શ્રુતિવજયરત્નસુંદર સૂરીસ્વરજી મ.સા.



Hasmukh Sheth 98208 58125 Tel. : 2614 8864
Chetan Sheth 98201 44214 Tel.26125440

**M.K.ENTERPRISES**

*Distributors :*
Polo Kitchenware
Polo Thermoware
All Time Houseware Item
Gift Articles

1, Amrat Apartment,
Bajaj Road,
Nr. Railway Station,
Vile Parle (W),
Mumbai - 400 056.

**Bharat Vora** Tel. : 2887 5089
Resi. : 2884 11 66



**VORA ESTATE AGENT**

• OFFICE • SHOPS • FLATS
• RENTALS • INDUSTRIAL GALA

Shop No. 3, Sushila Smruti, Opp. Ruby Products, Ashok Chakravarti Road, Plot A, Kandivali (E), Mumbai - 400 101.
M.: 9322916069 / 9773360356

**એવરગ્રીન કોર્પોરેશન**
**Evergreen Corporation**
હાર્ડવેર અને ટુલ્સના વેપારી
૨૪, ફીદા મેન્સન,
ઉજે માળે, બીબીજાન સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૩.

-: ઓફિસ :-
Contact No.
**022 - 40021946 / 23443591**
E-mail : evergren@rediffmail.com
lalit46@gmail.com

## તાત્ત્વિક વિચારણા

'દાન' એટલે શું ? વસ્તુ એકના હાથમાંથી બીજાના હાથમાં જાય, એ સ્થૂળ હસ્તાંતરણ છે. 'દાન' નથી. સાચી વ્યક્તિને ઉદારતાપૂર્વક વસ્તુ યા ભાવ સમર્પિત કરવામાં આવે એ 'દાન' છે. એક હાથથી થયેલ દાન બીજો સુધ્ધાં જાણતો ન હોવો જોઈએ. એટલે કે પોતાની ઉદારતાની બાહ્ય દેખાડો ન કરવો જોઈએ. આરસની તકતીમાં પોતાનું નામ ચિતરાવી કીર્તિ કમાવાનો મોહ નહીં હોવો જોઈએ. જ્યાં અહંકાર આવ્યો, ત્યાં દાન પાછળ શુદ્ધ ભાવના નષ્ટ થાય છે.

ભગવદ્‌ગીતા (અ.૧૭, શ્લો.૨૦) કહે છે :

**दातव्यं इति यद् दानं दीयते अनुपकारिणे।**
**देशे काले च पात्रे च तद् दानं सात्त्विकं स्मृतम्।।**

આપવું યોગ્ય છે અને આપવું જ જોઈએ. એવી સમજથી જે આપે છે, પ્રતિઉપકારની આશા રાખતો નથી અને યોગ્ય દેશ, યોગ્ય કાળ તથા યોગ્ય પાત્ર જોઈને જે દાન કરે છે, એને સાત્ત્વિક દાન કહ્યું છે.

એક સૂત્રાત્મક મહાવાક્ય 'દાન'ની સુંદર વ્યાખ્યા આપે છે **दान संविभागः।**– એટલે કે સમાજમાં સરખી વહેંચણી, સૌને સરખો હિસ્સો, એ છે દાનનો તાત્ત્વિક હેતુ. આ સંદર્ભમાં સંત નામદેવ (ઈ.સ.૧૨૭૦)નો એક જીવનપ્રસંગ જોઈએ. નામદેવ જમતા હતા ત્યાં કૂતરો રોટલો ઝૂંટવીને ભાગ્યો. સંત સહેજે વિચલિત થયા વિના કહે છે -

રૂખડી ન ખાઈઓ સ્વામી મેરા, રૂખડી ન ખાઈઓ,
હાથ હમારે છીરત કટોરા, અપના બાંટા લેકર જાઈઓ.

(મારા નાથ, તમે સૂકો રોટલો ન ખાશો. મારા હાથમાં દૂધનો કટોરા છે, તેમાંથી તમારો ભાગ લેતા જાવ.)

મૂક સેવક રવિશંકર મહારાજ વિનોબા ભાવેની ભૂદાન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા ત્યારની વાત છે. દાદા સાબરકાંઠાના એક ગામમાં ગયા હતા. સભા પૂરી થયા પછી એક વૃદ્ધ માજી દાદા પાસે આવ્યા. 'હું તો રહી ગરીબ, શું આપું મહારાજ ?' દાદાના મનમાં એમ કે માજી કંઈક આશાથી આવ્યા છે, પણ વાત જુદી જ હતી. માજીએ કહ્યું, 'મહારાજ, મારી પાસે થોડી બકરીઓ છે, એમાંની એક દૂઝણી દાનમાં આપી દેવા માગું છું. લેશો ?' દાદાએ બકરી સ્વીકારી. માજીના સૂચનથી ગામના જરૂરતમંદ હરિજન છોકરાને બકરી આપવામાં આવી. દાન કરવા માટે સાધન-સંપન્ન હોવું જરૂરી નથી. પોતાની પાસે જે કંઈ છે એમાંથી યત્કિંચિત સમર્પણ કરવું એ અંતરના શુદ્ધ ભાવનું જ ઈંગિત છે.

બીજાના ભલા માટે કંઈક કરી છૂટવું એ પણ દાન છે. જેમ કે, આપણી આસપાસના લોકોને ભ્રાતૃભાવથી હસીને બોલાવવા, માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવો, તરસ્યાને પાણી પાવું - આ બધા કાર્યો દાન છે. જીવતેજીવ મનુષ્ય બીજા મનુષ્યો પ્રત્યે ભલાઈની લાગણી બતાવે એ જ એની સાચી પૂંજી. દેખીતાં મોટા કાર્યોની નોંધ લેનારા કદાચ આવા માણસની મૃત્યુવેળાએ કહેશે, 'આ માણસ યાદ રાખવા જેવું કંઈક મૂકી ના ગયો.' ત્યારે સ્વર્ગના દેવદૂતોની દિવ્ય વાણી કહેશે, 'એણે મરતાં પહેલાં કેટલાંય ભલાઈનાં કામ કરીને અહીં મોકલ્યાં છે.'

દાન અને ત્યાગના પરસ્પર સંકળાયેલાં છે. જેનામાં ત્યાગની ભાવના છે, એ એટલો જ દાનશીલ હોય છે. ચંદ્રવંશી રાજા શિબિ હોલાના જીવ ખાતર બાજને પોતાના શરીરનું માંસ આપવા તૈયાર થયો હતો. હાડકાંમાંથી વજ્ર બનાવવાની જરૂર ઊભી થતાં દધીચિ ઋષિએ ઈન્દ્રને પોતાનાં હાડકાં આપી દીધાં હતાં. ત્યાગવૃત્તિનું આ ચરમબિંદુ દાનનું ઉત્કૃષ્ટ રૂપ છે.

**પ્રસ્તુતિ : શાંતિલાલ ગઢિયા, વડોદરા**

## વચનલબ્ધિના સદુપયોગની કળા આપણામાં તો જીવંત છે ને ?

''કોઈને ચપ્પુ-કાતર-સોયને ધાર કઢાવવી છે ?'' એક ધારવાળો બૂમ પાડતો હતો. એક છોકરાએ મશ્કરીમાં પ્રશ્ન પૂછ્યો; ''અક્કલની ધાર કાઢી આપો છો ?''

''હા... પણ શરત એટલી કે એ તમારી પાસે હોવી જોઈએ.'' ધારવાળાએ જવાબ આપ્યો. આ સાંભળતાં જ પેલો છોકરો ઉશ્કેરાયો... ધારવાળાને મારવા દોડ્યો... ધારવાળાએ પોતાના થેલામાં રહેલા લોખંડના ઓજારથી છોકરાની ખોપરી ફાડી નાંખી, છોકરો ખલાસ થઈ ગયો.

અનંતકાળે મળેલી વચનલબ્ધિના સદુપયોગની કળા જાણે કે નષ્ટપ્રાયઃ થઈ રહી છે. બોલવાની તાકાત મળી એટલે બસ, બોલ્યે જ જવું... પરિણામનો વિચાર કરવા જ નહિં... યાદ રાખજો, જે શબ્દ તમારા મોં'માંથી નથી નીકળ્યો એ શબ્દ પર તમારો અધિકાર છે પણ એક વાર મોં'માંથી શબ્દ નીકળ્યા પછી એ શબ્દ તમારા પર અધિકાર જમાવી દેશે... ખૂબ સમજીને શબ્દનો ઉપયોગ કરવા જેવો છે...

## 'રેલ્વે સ્ટેશન પર રેસીઝમની રેલમછેલ'

બપોરે ૧૨ની આસપાસ, લંડન યુસ્ટન રેલ્વે સ્ટેશન પર ગેટ પાસે મેં એક ચાઈનીઝ પોલીસ મેનને પૂછ્યું, 'મારી ટિકિટ ૩ વાગ્યાની ટ્રેનમાં છે. પણ હું વહેલા પહોંચી ગઈ છું. તો આ ટીકીટ વહેલાની ટ્રેનમાં ચાલશે ?' તો મને કહે, 'ના ચાલે. આ એડવાન્સ સિંગલ ટિકિટ છે. તમારે ૩ વાગ્યાની ટ્રેનમાં જ જવું પડે. 'મને થયું કે, આવું તો ન હોય ! બપોરની બધી ટ્રેનો તો ખાલી જતી હોય છે. અને ભાવ તો બધી ટ્રેનમાં સરખો હોય છે. એટલે ચાલવી જ જોઈએ ને ! આ પોલીસ મેનને બરાબર ખબર નહિ હોય એવું વિચારીને, દસેક મિનિટ પછી બીજા ગેટ પર જઈને બીજા પોલીસ મેનને પકડ્યો. તો એ ભાઈ પણ ચાઈનીઝ નીકળ્યા. મેં પૂછ્યું, 'મારી ટિકિટ ૩ વાગ્યાની ટ્રેનમાં છે. પણ હું વહેલા પહોંચી ગઈ છું. તો આ ટીકીટ વહેલાની ટ્રેનમાં ચાલશે ?' તો એ તરત ચિડાઈ ગયો, 'એકની એક વાત કેટલી વાર પૂછશો ?' હું કહી ના શકી કે, 'તમે ચાયના વાળાં બધાં સરખે સરખાં લાગો એટલે મને થયું કે તમે તમે નથી પણ બીજા કોઈ છો.'

એનાથી દૂર જઈને એક કાળા ભાઈ આફ્રિકન સિક્યુરીટી ગાર્ડને પૂછ્યું, 'મિલ્ટન કિન્સ જવા મારી ૩ વાગ્યાની ટ્રેન છે. વહેલાની ટ્રેનમાં બેસી જઉં તો ચાલે ?' તો મને કહે, 'ના ચાલે. એડવાન્સ સિંગલ ટિકિટ છે. જે ટ્રેન માટે છે, એમાં જ જવું પડશે.' એમની આંગળી પર પટ્ટી બાંધેલી હતી એમાંથી લોહી બાઝેલું દેખાતું હતું. મેં પૂછ્યું, 'ઓહ ! તાજેતરમાં જ વાગ્યું લાગે છે.' મને કહે, 'હા સવારે મારી વાઈફ ઘરના ગેટમાં ઓઈલિંગ કરતી હતી, તો મેં ભૂલમાં દરવાજો બંધ કરી દીધો. એમાં એની આંગળી આવી ગઈ. પછી ઓઈલિંગનું કામ મેં હાથમાં લીધું તો એણે જાણીજોઈને દરવાજો બંધ કરી દીધો. એમાં મારી આંગળી આવી ગઈ.' મારાથી બોલાઈ ગયું, 'અરેરે ! ટેક કેર. આંગળી કાળી પડવા માંડે તો તરત ડૉક્ટરને બતાવી દેજો.' બોલ્યા પછી ખ્યાલ આવ્યો કે, મેં બાફ્યું છે. એ ભાઈ ચિડાઈ ગયા, 'આનાથી વધારે કેટલી કાળી પડે ? જનમથી કાળી જ છે.'

થોડીવાર રહીને ખબર પડી કે, અહીં પણ પૂછપરછ બારી છે. મને થયું ત્યાં જઈને પૂછીશ તો સાચી જાણકારી મળી જશે. ત્યાં જઈને જોયું તો ધોળી ક્લાર્ક બેઠેલી હતી. એણે મને કહ્યું, 'હેલ્લો ! મારું નામ ડેલિયા. હું તમારી શું સહાયતા કરી શકું ?' મેં એને પૂછ્યું, 'મારી ટિકિટ ૩ વાગ્યાની ટ્રેનમાં છે. પણ હું વહેલા પહોંચી ગઈ છું. તો આ ટીકીટ વહેલાની ટ્રેનમાં ચાલશે ?' એ જ વખતે એની કોઈ સહકર્મી એને કહેવા આવી કે, 'તારા માટે અર્જન્ટ ફોન છે.' ડેલિયાએ મને કહ્યું, '૨ મિનિટમાં ફોન એટેન્ડ કરીને આવું છું', અને જતી રહી. ૫ મિનિટ થઈ, ૧૦ મિનિટ થઈ અને ૧૫ મિનિટ થઈ તોય પૂછપરછ બારી પર ડેલિયા ન આવી. માંડ બારીમાંથી દૂર એની સહકર્મી દેખાઈ. મેં બૂમ પાડીને પૂછ્યું, 'ડેલિયાને હજુ કેટલી વાર લાગશે ?' તો એણે કહ્યું, 'એ તો હવે ૨ મહિના પછી આવશે.' મને થયું કે, અર્જન્ટ ફોન હતો. ઘરમાં કોઈ મરી ગયું હશે, એટલે જતી રહી હશે. 'અચાનક જતી રહી ?' તો ઓલી કહે, 'એની કોઈ ફ્રેન્ડનો ફોન હતો. સ્પેનમાં સસ્તું રેન્ટલ મળી ગયું, તો તરત રજા મૂકીને ૨ મહિના વેકેશન કરવા ગઈ.' મને મનમાં થયું, 'કોઈ પૂંછવા-ગાછવા વાળું હોય નહીં, કોઈનું જોવા-કરવાનું હોય નહીં, એટલે મન ફાવે ત્યારે રખડવા નીકળી જવાનું ? કામધંધાની કદર નહીં, અને જવાબદારીના નામે જગ્ગા ડાકુ.'

૧ વાગવામાં વાર હતી, અને મિલ્ટન કિન્સની નેક્સ્ટ ટ્રેન ૧.૨૦ વાગે હતી. ઈન્ટરનેટ પર પણ બધે એ જ માહિતી હતી કે, આ ટિકિટ વહેલાની ટ્રેનમાં ન ચાલે. પણ હું રેશનાલિસ્ટ, એટલે મને 'કેમ ન ચાલે ?' એ પ્રશ્ન વધુ ગૂંગળાવતો હતો. એટલામાં સામે, ગલગોટા જેવો હર્યો ભર્યો, એક યુવક આવતો દેખાયો. જોઈને જ ખબર પડી ગઈ કે, ભાઈ મહેસાણાના છે. ડાફોળિયા મારવાની સ્ટાઇલ પરથી કન્ફર્મ થઈ ગયું. મારાથી થોડો દૂર ઉભો રહીને વિચારવા લાગ્યો કે, મારી જોડે કેવી રીતે વાત કરવી. આ પબ્લિક ક્યાંક ફસાઈ જાય, ભૂલી પડી જાય તો મદદ માંગવા માટે પણ કોઈ ભારતીય ચહેરો શોધે. આગમાં ફસાયા હોય અને નજીક કોઈ ગોરો હાથ આપે તો એનો હાથ ન પકડે, બૂમો પાડીને ભારતીયને જ બોલાવશે. હાથ પકડવામાંય એમને લેન્ગવેજ પ્રોબ્લેમ નડે, યુ કનો.

મેં ધાર્યું હતું એ પ્રમાણે, અંતે એ યુવકે તૂટેલા ફૂટેલા ઇંગ્લિશમાં મને પૂછ્યું, 'આઈ એમ ૧.૨૦ મિલ્ટન કિન્સ ટ્રેન ટિકિટ. માય વન ફ્રેન્ડ કમિંગ લેટ. આઈ વેઇટ ફોર હીમ. ધીસ ટિકિટ ઓકે ફોર ૩ પી.એમ. ઓલ્સો ?' (ભાષાંતરઃ 'મારી ટિકિટ ૧.૨૦ વાગ્યાની ટ્રેનમાં છે. પણ એક ભાઈબંધની રાહ જોવાની હોવાથી મારે મોડું થશે. તો આ જ ટિકિટ ૩ વાગ્યાની ટ્રેનમાં ચાલશે ?') એને એવું હશે કે, એને જોઈને હું હિંદીમાં બોલવા માંડીશ. પણ મેં જાણીજોઈને મને જેટલું મેક્સિમમ અઘરું ઇંગ્લિશ આવડતું હતું એ વાપર્યું, 'ના ચાલે. એડવાન્સ સિંગલ ટિકિટ છે. જે ટ્રેન માટે છે, એમાં જ જવું પડશે.' (મારા એક્ઝેક્ટ શબ્દોઃ *"An advance single ticket is meant for travelling only on the speciific train. Unfortunately, this ticket won't allow you to postpone your journey.*) એકદમ સ્પીડમાં અને જેટલી બ્રિટિશ એસેન્ટ ફાવતી હતી એ ઉપયોગમાં લઈને બોલી. હું નવી આવેલી ત્યારે મારી જોડે પણ અહીંનાં ભારત વાળાં બધાં આવું કરતાં હતાં, એટલે મેંય એવું કર્યું.

પછી એ હિંમત હારી ગયો. મને કહે, 'આર યુ ઇન્ડિયન ?' કહેવું તો હતું કે, 'નો, આઈ એમ ફ્રોમ અલાસ્કા.' પણ હારેલા પર મરણ પ્રહાર કરવો આપણને ન ગમે. એટલે એને મજા આવી જાય એવું બોલીઃ 'તમે મેહોણાના છો ?' પાણીમાંથી બહાર કાઢેલી માછલીને પાછી પાણીમાં નાખીએ તો કેવી ખુશ થઈને કૂદે ! એ જ રીતે એ ભઈલો જીવંત થઈ ગયોઃ 'ઊંઝા. ઊંઝાનો છું, બોન. ઐથોર ગામથી આગળ..' મેં પૂછ્યું, 'શું કામ કરો ત્યાં ?' તો કહે, 'જીરાનો બહુ મોટો વેપાર છે આપણો.' મેં પૂછ્યું, 'અહીં શેના માટે આવ્યા છો ?' તો કહે, 'લન્ડનમાં બુન, સલમોન, મોદી સાયબ, અમિતાભ બધાંનાં મીણનાં પૂતળાં જોવા આયેલાં. મિલ્ટન કિનમાં મારો સાળો રેય છે. હવે ત્યાં જવાનું'.

મેં કહ્યું, 'મારી પાસે ૩ વાગ્યાની ટિકિટ છે. એ તમે રાખો, અને તમે મને ૧.૨૦ વાળી આપી દો. હું ત્યાં વહેલા પહોંચી જઈશ તો મને મારા બિઝનેસમાં પચાસ પાઉન્ડ જેટલું નુકસાન થશે. પણ તમને મદદ કરવા એટલું તો સહન કરી લઈશ. ગુજરાતી જ ગુજરાતીના કામમાં આવે ને !' એણે તરત ટિકિટ કાઢી ને અદલાબદલી કરી લીધી. બેગમાંથી કાઢીને સુખડીનું એક પેકેટ મને પકડાવ્યું, 'ખૂબ બધું થૅન્ક યૂ, હોં ! પણ એવો તો કયો બિઝનેસ છે જેમાં વહેલા પહોંચવાથી નુકસાન થાય ?' મારે ૧.૨૦ની ટ્રેન ચૂકવી નહોતી એટલે મેં એનાથી દૂર જતા, સુખડીનું પેકેટ હલાવતા હલાવતા જવાબ આપ્યો, 'એ જ આપણો ગુજરાતી લોકો વાળો.'

**- નિમિતા શેઠ**

## સંવેદનાના સ્પંદનો

# 'મુઠી ઉંચેરો માનવ'

સવારે બાલ્કનીમાં રજા અને વરસાદનો લાભ લેતા અમે ચા પીતા પીતા આનંદ લેતા હતા ત્યાં સ્મિતા બોલી, કાલે તમે કહેતા હતાને મોબાઈલ ઉપર હું લાંબી લાંબી કોની સાથે વાતો કરતી હતી?

હા તો, મેં કીધું.

એ દામિની હતી ..

ઘણા લાંબા સમય પછી એનો ફોન આવ્યો.

હા સમીર, તેની દીકરી માતંગી ડોકટર થઈ ગઈ, હવે નવી હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરી રહી છે. તેની દીકરી માતંગી અને જમાઈ બન્ને ગાયનેક ડોકટર છે. તેણે આપણાને બન્નેને ઉદ્‌ઘાટનમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપ્યું છે.

અરે વાહ ગુડ ન્યૂઝ. મેં કહ્યું,

તેનું જીવન સંઘર્ષ સાથે પસાર થયું.

હા, પણ તેનું જીવન એક સંદેશ પણ બની રહ્યું.

મેં કહ્યું, મને કંઈ સમજાયું નહીં.

સમીર તમે જાણો છે એ ગાયનેક હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ નિભાવતી હતી, એ દરમિયાન એક ઘટના બની હતી. હોસ્પિટલના ગેટ ઉપર એક પ્રેગ્નન્ટ સ્ત્રી પ્રસૂતિની પીડાથી પીડાતી હતી.

હોસ્પિટલમાં આવતા દરેક વ્યક્તિઓ તેને નજરઅંદાજ કરી ત્યાંથી પસાર થઈ જતા હતા. દામિની પણ ગેટ ઉપર જ્યારે આવી ત્યારે એ સ્ત્રી તરફ નજર કરી અંદર જતી રહી પણ તેના અંતરાત્માએ તેને ફરી બહાર આવવા મજબુર કરી.

આ દરમિયાન હોસ્પિટલના મુખ્ય ડોકટર કે માલિક પણ આવ્યા, તે પણ આ સ્ત્રીને નજરઅંદાજ કરી જતા રહ્યા.

દામિની તે અજાણી સ્ત્રી પાસે ગઈ તેની બાજુમાં બેસી તેનું નામ પૂછ્યુ અને તેની આ હાલત માટે કોણ જવાબદાર છે એ જાણ્યું, તેનો પતિ ક્યાં છે એ સવાલ પણ કર્યો,

એ સ્ત્રી રડતા રડતા બોલી બહેન , મારુ નામ રાધા છે

મેં પ્રથમ ખોળાની દીકરી મારા પરિવારને આપી પણ મારા સાસરિયા અને વરને તો દીકરો જ જોઇતો હતો, બીજી પ્રેગ્નન્સી સમયે મારા વરે મારી વિરુદ્ધ જઈ ગેરકાયદેસર રીતે સોનોગ્રાફી કરાવી અને મારા પેટમાં દીકરી હોવાનું ખબર પડતાં એ ભડક્યો. તેણે કહ્યું મારે હવે દીકરી નથી જોઇતી, તું ગર્ભપાત કરાવી લે.

મેં વિરોધ કર્યો તો સાસરાવાળા અને મારો વર કહે જો તારે તારું ધાર્યું જ કરવું હોય તો અમારા ઘરમાં તારા માટે જગ્યા નથી, કહી તેમણે મને ઘરમાંથી કાઢી મૂકી.

મેં કહ્યું, બેન રાધા, ચિંતા ન કરતી, તારી દીકરી જન્મ લેશે.

પણ બેન મારી પાસે રૂપિયા નથી. રાધા આંખના આંસુ લૂછતાં બોલી.

હવે એ ચિંતા તારી નથી, તેણે રાધાનો હાથ પકડયો અને હોસ્પિટલના રિસેપ્શન કાઉન્ટર ઉપર આવી કહ્યું, આને દાખલ કરવા માટેની જરૂરી પ્રોસેસ કરો.

સમીર, ..એ સમયે દામીનીનો પગાર ફક્ત ૧૫૦૦૦ રૂપિયા હતો તેનો વર પણ ખાનગી નોકરી કરતો હતો. ખાધેપીધે સુખી હતા પણ રૂપિયાવાળા તો ન કહી શકાય છતાં પણ

જ્યારે રીસેપ્શન ઉપરથી કહ્યું દામિની હોસ્પિટલના નિયમ તો જાણે છે. ડિપોઝીટ વગર એડમિટ આપણે કોઈને કરતા નથી.

હિંમત તો દામિનીની જુઓ, હાથમાં પહેરેલ સોનાની બે બંગડી કાઢી બોલી આ ડિપોઝીટ પેટે જમા રાખો. બાકી મારો એક પગાર લેવાનો હજુ બાકી છે. બાકીના ટોટલ ખર્ચની પણ વ્યવસ્થા થઈ જશે.

રીસેપ્શન ઉપર બેઠેલ વ્યક્તિએ ડોકટર સાહેબને સંપૂર્ણ હકીકતની જાણ કરી. ડોકટરે એ સ્ત્રીને દાખલ કરવા પરમીશન આપી.

ડોકટરે દામિનીને કીધું ..દામિની, નોર્મલ ડિલિવરી નથી ઓપરેશન કરવું પડે તેમ છે.

૪૦,૦૦૦/- જેવો ખર્ચ થશે. તારી તૈયારી છે ?

દામિની ભીની આંખે બોલી સાહેબ ચિંતા ન કરો ત્રણ મહિના તમારે ત્યાં નોકરી વગર પગારે કરી હતી, એવું હું સમજી લઈશ.

ડોકટર દામિની સામે બે મિનિટ જોતા રહ્યા. પછી બોલ્યા, રાધાને પોષણયુક્ત ખોરાક પણ આ સમય દરમિયાન આપવામાં આવ્યો નથી. તેનામાં ખૂબ જ નબળાઈ છે.

કેસ થોડો ક્રિટિકલ જણાય છે. રાધા પાસે જરૂરી પેપરમાં સિગ્નેચર કરાવી લીધા

અને ખરેખર ઓપરેશન દરમિયાન રાધાની તબિયત વધારે નાજુક બનતી ગઈ અંતે તેણે દીકરીને તો જન્મ આપ્યો પણ પોતે આ સ્વાર્થી દુનિયા છોડી ચાલી ગઈ.

મારી આંખ ભીની થઇ....મેં કહ્યું, પછી..

સમીર,

''ઈશ્વર એક દરવાજો બંધ કરે તો બીજો ખોલે'' દામિનીના લગ્ન થયે ત્રણ વર્ષ થયા હોવા છતાં તેના ઘરે ઘોડિયું બધાયું ન હતું. તેના વરની સંમતિ અને ઈચ્છાથી આ બાળકીનો જરૂરી કાર્યવાહી કરી કાયદેસર કબજો દામીની અને તેના વરે લીધો..

મેં કહ્યું, જોરદાર, એક પિક્ચરની સ્ટોરી જેવી વાત છે, મતલબ એ આજ બાળકી ડોકટર માતંગી છે જેનું દવાખાનાનું ઉદ્‌ઘાટન છે ?

હા સમીર એ જ આ ડોકટર માતંગી છે.

સમીર વાત આગળ સાંભળ.

આ ઘટના આખી ડોકટરે નજર સામે જોઈ અને અનુભવી

ત્યારે તેને દામિની ઉપર આદર ભાવ થયો. તેણે વિચાર્યું ઈશ્વરે મારો ભંડાર રૂપિયાથી ભરી દીધો છતાં જે હિંમત હું ન કરી શક્યો એ કામ એક બોટમ મિડલકલાસની દામિનીએ કરી બતાવ્યું.

ડોક્ટરે તેને ચેમ્બરમાં બોલાવી કીધું, બેસ દામિની મારે તારી સાથે વાત કરવી છે.

દામિની તારા ત્રણ પગાર રાધાના ખર્ચ પેટે હું કાપી લઈશ તો તને ઘર ચલાવવામાં તકલીફ નહિ પડે ?

ત્યારે દામિની એ સુંદર જવાબ આપ્યો **સાહેબ તકલીફ તો પડશે પણ રાધા જે પીડા રસ્તા ઉપર ભોગવતી હતી તેના કરતાં ઓછી પડશે.**

સાહેબ, તમે ડોક્ટર છો અને હું એક સ્ત્રી છું. જો હું સ્પષ્ટ અને સીધી ભાષામાં તમને સમજાવું તો નાકમાંથી શ્રીફળ બહાર કાઢતા સમયે જે પીડા થાય એ જ પીડા બાળકને જન્મ આપતી વખતે માઁ ને થાય છે. આપ પીડા મુક્ત કરો છો પણ પીડા તો જેતે સ્ત્રી જ ભોગવે છે.

નવ મહિના હસતા મોઢે બાળકોની લાતો પેટમાં તો માઁ જ ખાઈ શકે. ઘણા સંતાનો પેટમાંથી બહાર આવી મોટા થઈ માઁ ને લાત મારવાની જૂની આદતો ભૂલ્યા હોતા નથી. સાહેબ વિચારો પેટમાં રહેલ ૨mm ની પથરી લોકો સહન નથી કરી શકતા, તો વિચારો આ નવ નવ મહિના બાળકનો ભાર માઁ કેમ સહન કરતી હશે ?

અંત માં સાહેબ એટલું કહું છું.

**''કોઈનું દર્દ જોઇ તમારી આંખો ભીની થાય તો સમજી લેવું આપણો માનવ જન્મ સાર્થક બન્યો''** સાહેબ મેં મારી મા આવી રીતે જ ગુમાવી હતી, એટલે હું મારી નજર સમક્ષ કદી આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તેવો પ્રયત્ન કરું છું.

હું પણ સમજુ છુ આ તમારો વ્યવસાય છે. ધર્માદો કરો તો હોસ્પિટલ બંધ કરવાનો સમય આવે ઘોડો ઘાસ સાથે દોસ્તી કરે તો ભૂખ્યો રહે. પણ સાહેબ જો તમે આશ્રમ કે મંદિરમાં કોઈ ધર્માદો કરતા હોવ તો ત્યાં ભંડારા ભરાઈ ગયા છે..આવી રકમ જરૂરિયાત વાળી વ્યક્તિ પાછળ પ્રત્યક્ષ ખર્ચ કરજો તેનો આનંદ જુદો હશે.

આટલું બોલી હાથ જોડી દામિની ઉભી થઇ..

પણ ડોકટર બોલ્યા દામિની થોડી વાર બેસ...

તેમણે ટેબલનુ ખાનું ખોલ્યું અને ટેબલ ઉપર બે સોનાની બંગડી મૂકી કીધું આ અમાનત તારી પાછી લઇજા,

સત્કર્મના કદી સોદા ન હોય, તેની તો વાવણી હોય

તને જે વિચાર આવ્યો એ મને કેમ હજુ સુધી ન આવ્યો ?

તેઓ હસીને બોલ્યા

તું એકલી પુણ્ય કમાય એ કેમ ચાલે, મારે પણ પુણ્યના ભાગીદાર બનવું છે..તેં દત્તક લીધેલ દિકરીને ભણાવવા અને લગ્ન સુધીની જવાબદારી હું ઉપાડું છું આ મારું તને વચન છે. પણ આ વાત તારા પતિ, તું અને મારા પૂરતી હમણાં સીમિત રાખજે.

ડોકટર બોલ્યા તને વાંધો ન હોય તો આ દીકરીનું નામ માતંગી રાખજે..કારણ કે બચપનમાં મારી નાની બહેન પણ રૂપિયાની વ્યવસ્થા સમયસર ન થવાને કારણે ગુમાવી હતી. તફાવત તારા અને મારામાં એટલો જ છે.

તેં ભૂતકાળ યાદ રાખ્યો અને હું ભૂલી ગયો. તેં મારા અંતરાત્માને જાગૃત કર્યો છે.

દામિની ચોધાર આસું એ રડી પડી. ડોકટરે પણ પોતાની ભીની આંખ લૂછતાં કીધું કોઈ ગતજન્મના ઋણાંનુંબંધ હશે, આપણે સાથે મળી પુરા કરવા પડશે.

મેં કીધું વાહ જોરદાર...

સ્મિતા

**વ્યક્તિની ઊંચાઈ ફૂટથી નહિ તેના સત્કર્મ વડે મપાય છે. એટલેજ આવી વ્યક્તિને સંસાર 'મુઠી ઉંચેરો માનવ' કહે છે.** બાકી ઉંચાઈ તો ઉંટની પણ હોય છે.

સ્મિતા કોઈ કવિ એ સાચું કીધું છે.

સપનું જરા તૂટી ગયું તો શું થયું ?<br>
અંગત જરા છૂટી ગયા તો શું થયું.<br>
ભર્યો જે ખજાનો ખુશીઓથી મેં,<br>
થોડુંક જરા લૂંટી ગયું તો શું થયું ?<br>
સગપણ ન્હોતું તેમ છતાં કોઈક તો,<br>
દિલથી જરા ભેટી ગયું તો શું થયું ?

સ્મિતા બોલી...સમીર

**कोई भी रिश्ता ना होने पर भी जो रिश्ता नीभाता हैं ,<br>
वो रिश्ता ऐक दिन दील की गहराइयों को छु जाता हैं।**

**ગિરીશભાઈ કાંતિલાલ શાહ - કાંદિવલી (પૂર્વ)**


**This SEVA is currently launched only for Mumbai city**

**क्या हमारे जैन परिवारों को पता है जैन वृद्धो को वार्षिक रू.12,000 + राशी सरकारी लाभ मे दिये जाते है ।**

**योजना का नाम है : संजय गाँधी निराधार योजना**

**अधिक जानकारी तथा रजिस्ट्रेशन हेतु नीचे दी गयी लिंक पर क्लिक करे** https://www.shalibhadra.org/niradhar-yojna **सरकारी लाभ में योग्यता कन्फर्म होने पर हमारे युवान आपको संपर्क करेंगे।**

**Regards: श्री शालिभद्र फाउंडेशन अंतर्गत सरकारी योजना** (HELP DESK) **+91 9324600430**

**(आप स्वयंभी सभी सरकारी स्किम में भारतभर से जुड़ सकते है, हमारा प्रयास हर एक जैन को वर्तमान तथा भविष्यके लिए मजबूत और सरकारी स्किमो में लाभान्वित करना है**

# શુભ વેવિશાળ.....

**શ્રી સંઘના આશીર્વાદ**

| | | વર પક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| ચિ. જય / ચિ. રાહી | | | |
| શ્રી રાજેશ રજનીકાંત કોઠારી - ભગુર | કેળવણી | ૧૦૦ | ૧૦૦ |
| હાલ કાંદીવલીના સુપુત્ર | પત્રિકા | ૧૦૦ | ૧૦૦ |
| શ્રી રાજીવ વસંતલાલ ગાંધી - ધોલેરા | સાધર્મિક | ૧૦૦ | ૧૦૦ |
| હાલ વિલેપાર્લાની સુપુત્રી | સમૂહલગ્ન | ૧૦૦ | ૧૦૦ |
| | તબીબી | ૧૦૦ | ૧૦૦ |
| | તપશ્ચર્યા | ૧૦૦ | ૧૦૦ |
| | યા.ભવન | ૧૦૦ | ૧૦૦ |
| | ભોજનશાળા | ૧૦૦ | ૧૦૦ |
| | જીવદયા | ૧૦૦ | ૧૦૦ |
| ચિ. દેવાંશ / ચિ. દીશીતા | | | |
| શ્રી વિપુલભાઈ (રાજુભાઈ) કિશોરભાઈ કોઠારી | કેળવણી | ૨૦૧ | ૨૦૧ |
| હળવદ, હાલ મુલુંડના સુપુત્ર | પત્રિકા | ૨૦૧ | ૨૦૧ |
| શ્રી વિમલભાઈ રમણીકલાલ શાહ-પચ્છેગામ | સાધર્મિક | ૨૦૧ | ૨૦૧ |
| હાલ મુલુંડની સુપુત્રી | તપશ્ચર્યા | ૨૦૧ | ૨૦૧ |
| ચિ. રૂત્વીક / ચિ. ફોરમ | | | |
| શ્રી સુરેશભાઈ જયંતીલાલ રાતડીયા-કુવાલા | કેળવણી | ૨૫૧ | ૨૫૧ |
| હાલ મલાડના સુપુત્ર | સાધર્મિક | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી જીગ્નેશભાઈ મનહરલાલ બગડીયા | જીવદયા | ૨૫૧ | ૨૫૧ |
| પાળીયાદ, હાલ બોરીવલીની સુપુત્રી | | | |
| ચિ. રૂષભ / ચિ. હેત્વી | | | |
| શ્રી રૂપેશભાઈ અરવિંદકુમાર કોઠારી - મુળી | કેળવણી | ૫૦૦ | ૫૦૦ |
| હાલ વિલેપાર્લાના સુપુત્ર | પત્રિકા | ૫૦૦ | ૫૦૦ |
| શ્રી આશીતભાઈ નલીનભાઈ શાહ - કોંઢ | સાધર્મિક | ૫૦૦ | ૫૦૦ |
| હાલ અમદાવાદની સુપુત્રી | સમૂહલગ્ન | ૫૦૦ | ૫૦૦ |
| | તબીબી | ૫૦૦ | ૫૦૦ |
| | તપશ્ચર્યા | ૫૦૦ | ૫૦૦ |
| | યા.ભવન | ૫૦૦ | ૫૦૦ |
| | ભોજનશાળા | ૫૦૦ | ૫૦૦ |
| | જીવદયા | ૫૦૦ | ૫૦૦ |

## વ્હાલાની વસમી વિદાય વેળાએ............
## ભાવભરી શ્રધ્ધાંજલી ઓગસ્ટ ૨૦૨૪

| નામ | મૂળ વતન | વિસ્તાર |
|---|---|---|
| નમન દેવેન્દ્રભાઈ કાન્તીલાલ બારભાયા | સુરેન્દ્રનગર | દાદર |
| પ્રભાવતીબેન ભાઈલાલ નારીચાણીયા | વઢવાણ | - |
| ભોગીલાલ હસમુખભાઈ દેસાઈ | બોટાદ | - |
| રમણીકભાઈ નંદલાલ દેસાઈ | બોટાદ | - |
| ભુપેન્દ્રભાઈ વાડીલાલ શાહ | વિંછીયા | - |
| રસીલાબેન વસંતલાલ શાહ | ધ્રાંગધ્રા | - |
| સુભદ્રાબેન છનાલાલ શાહ | વઢવાણ | - |
| નલિનીબેન હિંમતલાલ શેઠ | ચોટીલા | - |
| જયકાંતભાઈ ચીમનલાલ શાહ | લીંબડી | - |
| કિરીટભાઈ રસિકલાલ ગાંધી | વઢવાણ | માટુંગા |

## અનુમોદના

**રૂા.૧૧૦૦૦/-** **શ્રી વઢવાણ પાંજરાપોળ**
**માતુશ્રી સુભદ્રાબેન ત્રંબકલાલ શાહ પરિવાર તરફથી પર્યુષણ પર્વ નિમિત્તે જીવદયા ખાતે (યુનીક જ્વેલર્સ)**

## જન્મદિન ની શુભેચ્છા

| | | |
|---|---|---|
| શ્રી મેહુલ ધીરજલાલ શાહ | ૫ ઓકટોબર | ૯૨૨૪૪૨૧૭૮૮ |
| શ્રી અતુલભાઇ મુળજીભાઇ શાહ | ૧૬ ઓકટોબર | ૯૮૨૦૧૨૦૧૦૭ |

### શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા અને ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન
# શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયા
### નવી ઓફીસ નામકરણ – ઓફીસ વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા અને ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન આયોજીત તારીખ ૧૦ મી ઓગષ્ટ ૨૦૨૪ શનીવારનાં સાંજનાં ૬:૦૦ કલાકે માણેક બેન્કવેટ, શ્રી માનવ સેવા સંઘ, સાયન ખાતે એક સુંદર કાર્યક્રમ યોજાયો હતો.

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાનાં પ્રમુખ શ્રી પ્રવિણભાઈ શાહે ઝાલાવાડી સભાનાં ૪૨ વર્ષ પહેલાની વાત કરતા ૪૦ વર્ષથી સભાની ધુરા સંભાળતું આખુ એક જનરેશન બદલાય ગયું. નવી ટીમ આવી. ત્યારે ઝાલાવાડી સભા પાસે એક લોનાવાલાનું સેનેટોરીયમ હતુ. બીજું કાઈ જ ન હોતુ. નવી આવેલી ટીમે નાલાસોપારામાં બે વસાહત કરી, નાલાસોપારામાં અદ્‌ભુત જૈન ભવન બાધ્યું. તેમજ લોનાવાલા સેનેટોરીયમનું નુતનીકરણ કરેલ. પંચગીનીમાં, દેવલાલીમાં અને સુરેન્દ્રનગરમાં સેનેટોરીયમ બનાવ્યા. આમ ઝાલાવાડી સભાની ચાલતી પ્રવૃતિઓમાં જબરજસ્ત ઉછાળ આવ્યો. દિલેર દાતાશ્રીઓનાં દાનની ઉદારતાને સન્માનીત કરવા રૂપે આ પ્રસંગે શ્રી મહેન્દ્રભાઈ તુરખીયાનું, ડો. શ્રી વિનોદભાઈ શેઠનું શ્રી રમેશભાઈ વોરા (દુબઈ)નું એવોર્ડ સન્માન પત્ર અર્પણ કરી ઉમદા બહુમાન કરવામાં આવેલ. ઝાલાવાડી સભાની પત્રિકાનાં પૂર્વતંત્રી શ્રીમતી સંધ્યાબેન શાહને સન્માન પત્ર અર્પણ કરી ઉમદા બહુમાન કરવામાં આવેલ.

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાની કાલબાદેવી સ્થિત નવી ઓફીસ માટે માનવંતા દાતા શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયાએ રૂપિયા એક કરોડનું માતબર રકમનું અનુદાન આપેલ. આ ઓફીસને શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયાનું નામ આપી ઓફીસનું વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. છે. ઉપપ્રમુખ શ્રી પંકજભાઇ સંઘવીએ જણાવેલ કે આ પરિવારનું નામ એટલે તે ફકત દાતા જ નહિ પરંતુ દાતાઓના મહાન નેતા કહી શકીએ તેવું એક મોટું નામ છે.

- ઉપેન્દ્રભાઈ શાહ (મો. ૯૮૬૯૩૬૧૪૧૧)

## શ્રધ્ધા સુમન



### શ્રી મેહુલભાઈ વિનોદભાઈ શાહ
(ચુડા નિવાસી, હાલ - દાદર)

સ્વ. શ્રી વિનોદરાય મણીલાલ શાહના સુપુત્ર શ્રી મેહુલભાઈ તા.૨-૮-૨૦૨૪ના રોજ અરિહંત શરણ થતાં અનંતની યાત્રાએ વિદાય લીધી.

શ્રી મેહુલભાઈ શાહ નવ વર્ષથી (ત્રણ ટર્મ) શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈની કારોબારી સમિતીમાં મૂક સેવક રહી (કોઈપણ કાર્ય માટે ના તો ક્યારે પણ કહેતા નહી) કારોબારી સમિતીમાં પોતે ઉમેદવારી પત્રક ભરવાનો આગ્રહ કરતા ન હતા. બીજા કોઈ સેવાની ભાવનાવાળા કામ કરી આગળ આવવા માંગતા હોય તેને પ્રથમ ચાન્સ આપતા. આવા ઉચ્ચ વિચારો ધરાવતા ફક્ત બાવન વર્ષની નાની વયમાં આપણી વચ્ચેથી વિદાય લીધી. ધર્મપત્ની શીતલબેન સુપુત્રી અક્ષી અને સુપુત્ર ધીલનને ચોક્કસ ખોટ પડી છે. સાથે શ્રી ઝાલાવાડ સંઘ અને સમાજને પણ ખોટ પડેલ છે.

તેમના પિતા શ્રી વિનોદભાઈ મણીલાલ શાહે પંદર વર્ષ (પાંચ ટર્મ) સુધી શ્રી સંઘમાં કારોબારી સમિતીમાં સેવા આપતા હતા.

આવા પરિવારના શ્રી મેહુલભાઈના અરિહંત શરણ થવાથી પરિવાર પર આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ આપે સાથે તેમનો આત્મા મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી મોક્ષગતી પ્રાપ્ત કરી ચીર શાંતી મળે એજ પ્રાર્થના.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ
ટ્રસ્ટીશ્રી - પદાધિકારીઓ તથા કારોબારી સમિતિ
સભ્યોના જય જિનેન્દ્ર....!!!

## શ્રધ્ધા સુમન



### શ્રી મંગળદાસ શાંતિલાલ કુવાડીયા
(ઉ.વ.૮૮)

બગડ નિવાસી - હાલ ગોરેગાંવ રહેતા શ્રી મંગળદાસ કુવાડીયા તા.૧૯-૭-૨૦૨૪ના રોજ ૮૮ વર્ષની ઉમરે અનંતની યાત્રાએ વિદાય લીધી.

શ્રી મંગળદાસભાઈએ જીવનના ૨૫ વર્ષ સુધી શ્રી સંઘના કારોબારી સમિતીના સભ્યપદે રહી અનેક મોટા કાર્યક્રમોના આયોજનમાં વિશેષ સેવા આપી સક્રીય રહ્યા. કોઈપણ બાબતમાં પોતાનો અભિપ્રાય અને વિચાર સ્પષ્ટપણે જણાવતા, સંઘ અને સમાજહિત માટે એકતા - સંગઠનને મહત્ત્વ આપતાં.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ - ગોરેગાંવમાં કારોબારી સભ્ય, મંત્રી અને પ્રમુખ તરીકે ૪૦ વર્ષ સુધી સેવા આપેલ. આ કાર્યનિષ્ઠ સેવાના ભેખધારીની શ્રી સંઘ અને સમાજને ન પૂરાય તેવી ખોટ પડી છે. જીવનના અંતિમ દિવસોમાં થોડીક નાદુરસ્ત તબીયત રહેતી છતાં દરેક કાર્યક્રમ કે પ્રસંગમાં તેમની અચૂક હાજરી રહેતી.

શ્રી મંગળદાસભાઈના જવાથી પરિવારને ચોક્કસ ખોટ પડી છે. આવી પડેલ દુઃખને સહન કરવાની શક્તી આપે અને તેમનો આત્મા મોક્ષપદ પ્રાપ્ત કરે તેવી અરીહંત પરમાત્માને પ્રાર્થના.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ
હોદ્દેદારો - ટ્રસ્ટીશ્રી - કારોબારી સમિતીના
જય જિનેન્દ્ર

REGISTERED WITH THE REGISTRAR OF NEWS PAPER FOR INDIA UNDER R.N.I. NO. MAHBIL/2021/80571 LICENSE TO POST WITHOUT PRE-PAYMENT UNDER WPP LICENSE NO. MR/TECH/WPP-220/SOUTH/2024-26 POSTAL REGISTRATION NO. MCS/132/2024-2026 PUBLISHED ON 10TH OF EVERY MONTH AND POSTED AT MUMBAI PATRIKA CHANNEL SORTING OFFICE ON 10TH & 11TH OF EVERY MONTH

# મુઠ્ઠી ઉંચેરા માનવી...પ્રતિભાશાળી વ્યક્તિત્વ...ખમીરવંતા ઝાલાવાડી શ્રી બિપીનભાઈ રતીલાલ વોરાને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ



સફળ દામ્પત્ય જીવનનાં સાક્ષી સમા આપ શ્રી બિપીનભાઈ વોરા અને શ્રીમતી વર્ષાબેન વોરાનાં સ્નેહભર્યા જીવનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. **૧૭ સપ્ટેમ્બર**નાં **શ્રી બિપીનભાઈ વોરા આપનાં જન્મદિવસ**ની આપને સૌ વતી ખૂબ ખૂબ શુભેચ્છાઓ સહ અભિનંદન. આપ બન્નેએ આપના પરિવારજનો માટે તેમજ સમાજ માટે પણ જીવનને સાચા અર્થમાં જીવી જાણ્યું છે. સૌ કોઈને પણ ઉપયોગી થવું એજ હર હંમેશ આપ બન્નેનાં દિલની ઉમદા ભાવના રહેલી છે.

શ્રી બિપીનભાઈ રતીલાલ વોરા આપની સામાજીક પ્રવૃતિઓ, વિશિષ્ટ સત્કાર્યો સાથે ઉમદા લોકસંપર્કે આપે સમાજ સાથેની આગવી ઓળખ સ્થાપિત કરેલ છે. આપની વિશિષ્ટ કાર્યશૈલી- વ્યવસ્થિત આયોજનો અને અનેક વ્યક્તિઓ સાથેનાં સંપર્ક સેતુએ આપ અનેકવિધ કાર્યો - પ્રવૃતિઓમાં સક્રિય રહયાં છો. જીવનની શરૂઆતમાં જ તકલીફો અને સંઘર્ષ ભર્યા જીવનથી ઘડાયેલા આપ આજે અવરોધો - અડચણો ગમે તેટલા આવતા હોય તો પણ મુશ્કેલીઓને પાર પાડવાની આપની અદ્ભુત ક્ષમતાએ સફળતાનાં સોપાનો સર કરતાં આપનું ખમીરવંતા ઝાલાવાડી સમુ વ્યક્તિત્વ રહ્યું છે.

સુરેન્દ્રનગર સ્થિત શ્રી રતીલાલ કાળીદાસ વોરાનાં ચાર પુત્રો અને ત્રણ પુત્રીઓમાં સૌથી નાના પુત્ર શ્રી બિપીનભાઈનું બાળપણ સુરેન્દ્રનગરમાં ખૂબ સાધારણ પરિસ્થિતિમાં વિત્યું હતું. કાલા ફોલીને ઘર ચલાવતો આ પરિવારનાં વન રૂમ કિચનમાં રહીને શ્રી બિપીનભાઈએ પોતાનો અભ્યાસ કરેલ હતો. સફળતા માટે અમદાવાદથી આગળ કઈ રીતે જવાય તેનો જેમને ખ્યાલ પણ ન્હોતો એ બિપીનભાઈએ જૂન ૧૯૭૫માં ફકત ૨ રૂપિયા લઈને મુંબઈ તરફ પ્રયાણ કરેલ. સાયન હોસ્ટેલમાં રહીને પાર્ટ ટાઈમ અન્ય કામો કરીને સી.એ.નો અભ્યાસ કરેલ હતો. મુંબઈને કર્મભૂમિ બનાવીને ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહયાં. સફળતા સર કરતા રહયાં.

નાનામાં નાના માણસથી લઈને મોટા વ્યક્તિઓ, સમાજ શ્રેષ્ઠીઓ સાથેનાં આપના નિખાલસ ભર્યા ઉમદા સ્નેહાળ સંબંધોએ આપનો સંપર્ક સેતુ સમાજ ઉપયોગી રહયો છે. શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક મંડળ ઘાટકોપરમાં ૧૯૮૧થી આપ સક્રિય રહયાં છો. તેમજ શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ મુંબઈમાં પણ સક્રિય સેવાઓ આપતા રહયાં છો. ઉપરોકત બન્ને સંસ્થાઓમાં આપે કમીટીમાં રહેવા સાથે પ્રમુખ, ટ્રસ્ટી તેમજ મેનેજીગ ટ્રસ્ટી વગેરે પદે રહીને ઉમદા સેવાઓ આપેલ છે. ઝાલાવાડ સમાજ માટે આપ તન, મન અને ધનથી ઉત્કૃષ્ટ સહયોગ આપતા રહયાં છો.

ઝાલાવાડ બિઝનેસ ફોરમની સ્થાપના દરમ્યાન શ્રી અનોપચંદભાઈ શાહ સાથે આપે ખભે ખભા મિલાવીને ઉલ્લેખનીય સહયોગ આપેલ હતો અને આજે પણ આપ આપતા રહયાં છો. તેમજ આપના બન્ને પુત્રો તેજસ અને ભાવિક પણ ઉમદા સાથ સહકાર આપી રહયાં છે. શ્રી ઝાલાવાડ ફાઉન્ડેશનની ઓફીસ લેવામાં પણ શ્રી દિલીપભાઈ અને શ્રી અરવિંદભાઈ સાથે રહીને આપ, આ ઉત્તમ કાર્યમાં સક્રિય રહયાં છો. શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ મુંબઈમાં ૬ વર્ષ પ્રમુખપદે રહીને આપે દરેક પરા મંડળો, મહિલા મંડળો,યુવા મંડળોને તન, મન અને ધનથી સાથ, સહકાર આપવા સાથે ખૂબ જ ઉત્સાહ પૂર્વક સહયોગ આપી પ્રોત્સાહિત કરેલ છે.

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક મંડળ ઘાટકોપરમાં સમેતશિખરજીની જાત્રા (૧૯૮૭) થી લઈને આજ સુધી આપ મંડળ સાથે સંકળાયેલા રહયાં છો. ઘાટકોપર યુવા મંડળની સ્થાપના, ઓફીસ લેવા માટે તેમજ દરેક પ્રસંગોએ આપ અનુકૂળ સાથ સહકાર આપતાા રહયાં છો.

આપને જન્મ દિવસ (૧૭ સપ્ટેમ્બર)ની ખૂબ ખૂબ શુભેચ્છાઓ સહ શુભકામના. આપ સુખ સમૃધ્ધિ પામવા સાથે ઉત્તરોત્તર સમાજ સેવા કરતા રહો. સ્વસ્થ સ્વાસ્થ્ય સાથે દિર્ઘાયુષ્ય પામો એજ પ્રાર્થના.

**- આપના સ્નેહિ, સ્વજનો અને મિત્રો**

(શબ્દાલેખન : ઉપેન્દ્રભાઈ શાહ)

Printed & Published by : Ketan Arvind Shah on Behalf of Shree Zalawad Jain Swetamber Murtipujak Sangh, Printed at : LUCKY PRINTERS, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shree Zalawad Jain S M P Sangh, 175, Vallabhdas Kanji Bldg., 2nd Floor, Princess Street, Kalbadevi, Mumbai - 400 002. Editor : Mukesh Uttamchand Shah